**આજનો સુવિચાર**

સુખી થવાનો કોઈ રસ્તો નથી, પરંતુ ખુશ રહેવું એજ એકમાત્ર રસ્તો છે.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૪૩ જૂનાગઢ તા.૩૦-૦૧-૨૦૨૫ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 43, Junagadh : Date : 30 January, 2025, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# મહાકુંભમાં ભાગદોડના મામલે સુપ્રિમ કોર્ટમાં જાહેર હિતની અરજી

નવી દિલ્હી, તા.૩૦: ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં બુધવારે સવારે મહાકુંભમાં થયેલી ભાગદોડમાં ૩૦ થી વધુ લોકોના મોત થયા છે. આ મામલે આજે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં દેશભરમાંથી આવતા યાત્રાળુઓ માટે સલામતીના પગલાં અને માર્ગદર્શિકા લાગુ કરવાની માંગ કરવામાં આવી છે. તે સાથે આ દુર્ઘટના માટે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહીની પણ માંગ કરવામાં આવી છે.

એડવોકેટ વિશાલ તિવારી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં તમામ રાજ્યોને પ્રયાગરાજમાં તેમના સુવિધા કેન્દ્રોમાં યાત્રાળુઓને સલામતીના પગલાં અને માર્ગદર્શિકા વિશે મૂળભૂત માહિતી પૂરી પાડવા માટે નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે.

અરજીમાં એવી પણ પ્રાર્થના કરવામાં આવી હતી કે યાત્રાળુઓ માટે અન્ય ભાષાઓમાં જાહેરાતો, દિશા નિર્દેશો અને રસ્તાઓવાળા ડિસ્પ્લે બોર્ડ લગાવવામાં આવે જેથી અન્ય રાજ્યોથી આવતા લોકોને સરળતાથી મદદ મળી શકે અને તેમને કોઈપણ પ્રકારની સમસ્યાનો સામનો ન કરવો પડે. આ ઉપરાંત, અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, તમામ રાજ્ય સરકારો, ઉત્તર પ્રદેશ સરકાર સાથે સંકલનમાં, તબીબી કટોકટીની સ્થિતિમાં પ્રયાગરાજ મહાકુંભમાં ડોકટરો અને નર્સોની એક નાની તબીબી ટીમ તૈનાત કરે જેથી તબીબી સ્ટાફની અછત ન રહે.

## કુંભ મેળામાં તાત્કાલીક અસરથી વીઆઈપી મૂવમેન્ટ બંધ કરાઈ

લખનૌ તા.૩૦ : વિશ્વના સૌથી મોટા ધાર્મિક આયોજન મહાકુંભ મેળામાં ગઈકાલે સર્જાયેલી દુર્ઘટનામાં ૩૦ લોકોના ભોગ લેવાયા બાદ હવે ઉતર પ્રદેશ સરકારે શ્રેણીબદ્ધ પગલાઓની જાહેરાત કરીને શ્રદ્ધાળુઓની સુરક્ષા વધારવાની તૈયારી કરી છે.

ખાસ કરીને જે રીતે કુંભ સ્નાન માટે વીઆઈપી અને વીવીઆઈપી માટે ખાસ પાસ ઈસ્યુ કરાયા હતા તથા તેમના આવાગમન માટે ખાસ રૂટને રદ કરીને તમામ માર્ગો વન-વે કરી દીધા છે જેનાથી શ્રદ્ધાળુઓ સામસામા આવ્યા વગર જ સીધુ આવાગમન કરી શકશે.

ગઈકાલની ટ્રેજેડી બાદ મુખ્યમંત્રી યોગી આદીત્યનાથે દિવસભર અધિકારીઓ સાથે બેઠકો યોજીને મહાકુંભને વધુ સુરક્ષિત કરવા માટેના ઉપાયોનો આદેશ આપ્યો હતો.

## પાંચ અધિકારીઓના ખોટા નિર્ણયોને કારણે નાસભાગ મચી હોવાનું તારણ

પ્રયાગરાજ તા.૩૦ પ્રયાગરાજમાં સંગમઘાટ ખાતે મંગળવાર રાત્રીના થયેલી ભાગદોડમાં ૩૦ થી ૪૦ શ્રધ્ધાળુઓનો ભોગ લેવાયો છે. આ ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી નાંખ્યો છે. ત્યારે આ ઘટના માટે મેળાની સંપૂર્ણ વ્યવસ્થા સંભાળતા પાંચ અધિકારીઓના ખોટા નિર્ણયો જવાબદાર હોવાનું તારણ નીકળ્યું છે.

૨૮ જાન્યુઆરીએ મધરાતે લગભગ ૧.૩૦ વાગ્યે પ્રયાગરાજના સંગમ નોજ વિસ્તારમાં ભાગદોડ મચી ગઈ હતી. વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, ૩૦ લોકોના મોત થયા છે, આ અંગે એક અહેવાલ મુજબ ૩૫-૪૦ લોકોના મોત થયા છે. ૨૯મી જાન્યુઆરીની બપોર સુધીમાં મૌની અમાવસ્યાનું શાહી સ્નાન પણ થયું હતું. પરંતુ આ ૪૦ મૃત્યુ માટે કોણ જવાબદાર છે તે સવાલ હજુ પણ ઊભો છે.

તપાસમાં જાણવા મળ્યું છે કે આ નાસભાગ કોઈ અલગ ભૂલ નહોતી. છેલ્લા બે દિવસથી થતી ભૂલોના સિલસિલાનો આ છેલ્લો અંત હતો, જેમાં ૩૫-૪૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. એક વર્ષની તૈયારી અને રૂ. ૭,૫૩૫ કરોડના ખર્ચ પછી પણ મહાકુંભની વ્યવસ્થાઓ સવાલોના ઘેરાવામાં છે. મેળાનો હવાલો સંભાળતા પાંચ મહત્ત્વના અધિકારીઓની બેદરકારી કે ખોટા નિર્ણયોને કારણે આ નાસભાગ મચી હોવાનું બહાર આવ્યું છે.

## આવતીકાલથી બજેટ સત્રનો પ્રારંભ : શનિવારે બજેટ

નવી દિલ્હી, તા.૩૦ : સંસદનું બજેટ સત્ર આવતીકાલે ૩૧ જાન્યુઆરીથી શરૂ થશે અને ૪ એપ્રિલ સુધી ચાલુ રાખવાનો પ્રસ્તાવ છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીના રોજ સામાન્ય બજેટ રજૂ કરશે.

પરંપરા મુજબ, સત્ર ૩૧ જાન્યુઆરીએ સંસદના બંને ગળહોની સંયુક્ત બેઠક સાથે શરૂ થશે, જેને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સંબોધિત કરશે. આ પછી આર્થિક સર્વે રજૂ કરવામાં આવશે. આ પછી, ૧ ફેબ્રુઆરીએ, નિર્મલા સીતારમણ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળનું પ્રથમ પૂર્ણ બજેટ અને નાણામંત્રી તરીકે સતત આઠમું બજેટ રજૂ કરશે.

કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ લોકસભામાં રજૂ કરવામાં આવશે. ૧૩ ફેબ્રુઆરીના રોજ બંને ગૃહોની કાર્યવાહી લાંબા સમય સુધી સ્થગિત રહેશે. સંસદની કાર્યવાહી ૧૦ માર્ચે ફરી શરૂ થશે જેમાં વિવિધ મંત્રાલયો-વિભાગોની ગ્રાન્ટ માંગણીઓ પર ચર્ચા કરવામાં આવશે અને બજેટ પસાર કરવામાં આવશે.


ફોરેક્ષ્ટ બેટરી

For exTension of vehicle life...




| | | |
|---|---|---|
| ટુ વ્હીલર બેટરી 2.5LB | 490 WARRANTY(24+24) | 4 Year Warranty (2+2) 770/- |
| પેટ્રોલ કાર 34AMP | 1780 1 Year | 4 Year Warranty (18+30) 2280/- |
| ડીઝલ કાર 45,60,65 AMP | 3000 1 Year | 4 Year Warranty (18+30) 3600/- |
| ટ્રક/ટ્રેક્ટર બેટરી 100AH | 4000 (12+12) | 4 Year Warranty (18+30) 4700/- 100AH |

આ બધા ભાવ જૂની બેટરી આપતા છે.

શિવમ એન્ટરપ્રાઈઝ

કે જે હોસ્પિટલની સામેની સાઈડ, ઝાંઝરડા ચોકડી, જુનાગઢ.

9913533167,9426981742



બંગલો વેચવાનો છે

4 BHK

૯૬ પંચવટી, ઝાંઝરડા રોડ, ફુલ ફર્નિચર, ૧૦૨ વાર (દલાલ આવકાર્ય)

: સંપર્ક :

મો. ૯૮૨૫૫ ૧૭૮૭૬



સંપૂર્ણ આયુર્વેદિક સારવાર

પૃથ્વીરાજ હોસ્પિટલ

આયુર્વેદ - પંચકર્મ ફિઝીયોથેરાપી



- તમામ પ્રકારનાં રોગો
- સાંધાનો દુ:ખાવો
- સાયટીકા
- ચેતાતંત્રના રોગો
- માનસિક રોગો
- પક્ષઘાત
- માઈગ્રેન (આધાશીશી)
- અનિંદ્રા

ડો. મહિપતસિંહ ડોડીયા
એમ.ડી. (આયુ.)

જૂનાગઢ : ૧૦૭/૧૦૮ પહેલો માળ, ક્રિસ્ટલ-બી કોમ્પ્લેક્ષ, મધુરમ, જૂનાગઢ. મો. ૯૭૨૬૬ ૧૨૧૧૦

: મુ. ગડુ - શેરબાગ :
ખોરાસા રોડ, મેઘલપુલની બાજુમાં, મુ. ગડુ, તા. માળીયા (હાટીના) મો. ૮૨૦૦૪ ૮૫૯૦૮



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



મારે ભણવું છે ત્યાં.... જયાં ૪-૪ પેઢીનાં અનુભવનો શિક્ષણ પ્રસાદ પિરસાઈ રહયો છે...

Walk Ahead Pearls of Success are Waiting for YOU

નિવૃત શિક્ષક અગ્રાવત સાહેબ દ્વારા સંચાલિત

યુનિવર્સલ ગ્રુપ ટયુશન

૧૦૦% સુધીની સ્કોલરશીપ

STD. 8 to 12 BOARDS / GUJCET/ JEE/NEET

રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તા. ૧-૨-૨૦૨૫ સાંજે ૭-૦૦ સુધી અથવા મો. ૭૮૭૮૧ ૮૨૧૩૨ નંબર પર પોતાનું નામ અને ધોરણ લખી વોટ્સએપ કરો

તો વાલીશ્રીઓ આપ પણ આપના બાળકનાં સર્વાંગી વિકાસ માટે કલાસની મુલાકાત જરૂરથી લેશો...

વાલી મુલાકાતનો સમય : સાંજે ૫ થી ૮ ● વિષય શિક્ષક માટે મુલાકાતનો સમય : સાંજે ૬ થી ૭ (માત્ર બુધ/શુક્ર)

એક્તાનગર સોસાયટી, તુલજા ભવાની ૨૪ કલાક મેડીકલ વાળી શેરી, મધુરમ, ટીંબાવાડી, જૂનાગઢ

મો. ૯૮૭૯૭ ૮૮૮૯૧ / ૭૮૭૮૧ ૮૨૧૩૨




## ગાય આધારિત ખેતી અને ઓર્ગેનિક ખેતી

ખેડૂતો ને આ પ્રયોગમાં ૨૦/- રૂપિયાનું નુકશાન થશે તો ૧ કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે.

- **દેશી ગાય નું દૂધ ૨૫૦ મિલી, ગોળ ૧૦૦ ગ્રામ અને ૨૫૦ મિલી ગૌમૂત્ર ની સાથે ૨૫૦ મિલી ગોબર નું પાણી અને સાથે બે બાક્સના ખોખા ગાયના છાણાંની રાખ આ બે થી ત્રણ વાર ૧૫ લિટરના પંપમાં ફ્લાવરિંગ સમયે છંટકાવ કરવાથી બહુ સારું પરિણામ મળે છે.**

1. મગફળી અને ચણા જયારે ફ્લાવરિંગ અવસ્થામાં હોય ત્યારે પહેલો છંટકાવ ૩૫ દિવસે, બીજો ૪૫ દિવસે અને ત્રીજો ૫૫ દિવસે કરવો.
2. કપાસ ૪૫ દિવસનો થાય ત્યારે દર ૧૫ દિવસે છંટકાવ કરવો.
3. શાકભાજી માં દર ૧૫ દિવસે છંટકાવ કરવો.
4. આંબા, દાડમ, જામફળ, ચીકુ કે કોઈપણ ફૂલ-ઝાડમાં ફાલ બેસે ત્યારે દર ૧૫ દિવસે ત્રણ - ચાર વાર છંટકાવ કરવો.
5. **પાયાના ખાતર તરીકે જીવામૃત બનાવો.**
   - ૨૦૦ લિટરના બેરલમાં ૨૦ કિલો ગોબર, ૫-૧૦ લીટર ગૌમૂત્ર, ૨ કિલો ગોળ, બે લિટર તાજી છાશ અને ૧ કિલો શેઢાપણાની માટી આ બધું મીક્સ કરી ૩ થી ૪ દિવસ રાખી દિવસમાં બે ટાઈમ હલાવવું.
   - **ઘનજીવામૃત :** ૧૦૦ કિલો ગોબર, ૫-૧૦ લીટર ગૌમૂત્ર, ૨ કિલો ગોળની રબડી, ૨ લિટર તાજી છાશ, ૧ કિલો શેઢાપણાની માટી આ બધુ મિક્સ કરી છાયામાં સૂકવી દેવું, ત્યાર પછી સુકાય જાય એટલે વીઘે ૨ થી ૩ થેલી ચાસમાં નાખી દેવું.
6. ગાય આધારિત ખેતી ન કરવી હોય તો વીઘે ૧ થેલી એરંડીનો ખોળ, ૧ થેલી લીંબોળીનો ખોળ, ૧ કિલો ચૂનો ચાસમાં નાખી દેવો, પછી વાવેતર કરી નાખવું. (આ માપ વીઘાનું છે)
7. લીંબોળીનો ખોળ, લીંબોળી ક્રશ, એરંડીનો ખોળ, મરઘાની ચરક, મચ્છીનો ખોળ, કરંજનો ખોળ, મહુડાનો ખોળ, તમ્બાકુનો દર, કાજુના છીલકા. એક વીઘા જમીનમાં ચાસમાં નાખવું.
8. **મચ્છીનો ખોળ**

   ઉપરોક્ત ખોળ મેળવા માટે

   **શ્રીજી અમૃત । ધરતી અમૃત** ગામ : બાંદ્રા, તાલુકો : ગોંડલ, જિલ્લો : રાજકોટ

   **ભાવેશભાઈ જસાણી : ૯૯૭૯૪ ૮૮૫૧૫ • જગદીશભાઈ જસાણી : ૯૮૨૫૭ ૬૦૦૯૪**
9. **રોગ જીવાત માટે**
   - ૧ કિલો ગાંગડા હિંગ લેવી, ૫ લીટર પાણી માં પલાળવી ૨૪ કલાક રાખવાથી તેમાંથી ૧૦૦ મિલી લેવી તેની સાથે ૨૫૦ મિલી દૂધ, ૧૦૦ ગ્રામ ગોળ ૧૫ લીટર ના પંપમાં છાટી દેવી. જો ઈયળનો ઉપદ્રવ હોય તો ૫૦ થી ૬૦ મિલી નીમ તેલ (લીંબોળીનું તેલ) ૧૦,૦૦૦ PPM નો છંટકાવ કરવો.



સંશોધન કરનાર: **વેલજીભાઈ ભૂડીઆ**
માધાપર, કચ્છ-ભુજ, ગુજરાત. ફોન કરવાનો સમય બપોરે ૩ થી ૬

ઉપયોગ કરીને પ્રમાણિત કરનાર
**ગૌ ભક્ત - ભરત પરસાણા રાજકોટ, ગુજરાત**



ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ (ICAR) કૃષિ જાગરણ મહિન્દ્રા ટ્રેક્ટર ભારત સરકાર દ્વારા સ્માર્ટ ફાર્મર સ્પીકર એવોર્ડ 2 ડિસેમ્બર 2024 ના રોજ એનાયત કરવામાં આવ્યો છે.


સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ચંદુભાઈ મારવાણીયા
મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪

ઉમીયાજી સીંગતેલ મીની ઓઈલ મીલ

મગફળીનું ડબલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.

સીંગતેલ લેવા માટેનું સ્થળ :
ઉમીયાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
શુભમ કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ


શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે, ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર

હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



Since 1983



શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો



# આદ્યશક્તિ માં અંબાજીના પાવન પર્વ માઘ નવરાત્રીનો આજથી થયેલ શુભારંભ



## માતાજીના મંદિરોમાં પુજન, આરતી, ગરબા, હવન સહિતનાં વિશેષ કાર્યક્રમો - માતાજીનાં દર્શને ભાવિકો ઉમટી

જૂનાગઢ તા.૩૦

માઘ માસની નવરાત્રીનો આજથી શુભારંભ થયો છે ત્યારે માતાજીનાં મંદિરોમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહયા છે અને નવરાત્રીનાં પાવન અવસરે માતાજીનાં મંદિરોમાં દર્શનાર્થે ભાવિકો ઉમટી પડયા છે.

શક્તિની આરાધનાનાં પર્વ એવા માઘ માસની નવરાત્રીનો આજથી શુભારંભ થયો છે ત્યારે માતાજીનાં મંદિરોમાં દર્શનાર્થે ભકતજનોની ભારે ભીડ જોવા મળી રહી છે. ગિરનાર પર્વત પર બિરાજમાન જગત જનની માં અંબાજીનાં મંદિરે માઘ નવરાત્રી દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. જયારે ભવનાથ તળેટી જવાનાં રસ્તા ઉપર આવેલાં સુપ્રસિધ્ધ વાઘેશ્વરી માતાજીનાં મંદિરે પણ માઘ નવરાત્રી દરમ્યાન અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહયા છે. આ ઉપરાંત ગાયત્રી માતાજીનાં મંદિરે પણ વિશેષ કાર્યકર્મો યોજાશે. આ ઉપરાંત દાણાપીઠમાં આવેલા મહાલક્ષ્મી માતાજીનાં મંદિરે પણ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થયું છે. જૂનાગઢ શહેરમાં કૃષિ યુનિવર્સીટી ખાતે આવેલા આઈશ્રી ખોડીયાર માતાજીનાં મંદિર ખાતે પણ વહેલી સવારથી જ પુજન-આરતી સહિતનાં કાર્યક્રમો યોજાઈ રહયા છે. આ ઉપરાંત ખામધ્રોળ ખાતે આવેલા આઈશ્રી ખોડીયાર માતાજીનાં મંદિર, ઉપરકોટ ખાતે આવેલ આઈશ્રી ખોડીયાર માતાજીનાં મંદિરે પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહયા છે.

ભાવનગર નજીક આવેલા રાજપરા ખાતે આઈશ્રી ખોડીયાર માતાજીનાં મંદીર તેમજ માટેલધામ ખાતે આવેલ આઈશ્રી ખોડીયાર માતાજીનાં મંદિર તેમજ ગળધરા આઈશ્રી ખોડીયાર માતાજીનાં મંદિર તેમજ કાગવડ ખાતે આવેલા આઈશ્રી ખોડીયાર માતાજીનાં મંદિરે પણ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહયા છે. શ્રી કનકાઈ માતાજીનાં મંદિરે પણ નવરાત્રી દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજાઈ રહયા છે.

આ ઉપરાંત મોટા દડવા ખાતે આવેલ ભગવતી રાંદલ માતાજીનાં મંદિર તેમજ માણાવદર નજીક આવેલ રાંદલ માતાજીનાં મંદિરે પણ નવરાત્રી દરમ્યાન ભક્તિભાવપુર્વકનાં અનેક કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. મોણીયા ખાતે આવેલ આઈશ્રી નાગબાઈમાંનાં મંદિરે, મઢડા ખાતે આવેલ આઈશ્રી સોનલમાંના મંદિરે તેમજ રામપરા ખાતે આવેલ આઈશ્રી રૂપલધામ ખાતે આવેલ મંદિરમાં ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. જૂનાગઢ શહેરમાં આવેલા ચામુંડા માતાજી મંદિર, આશાપુરા માતાજી મંદિર, મહાકાળી માતાજી મંદિર, મેલડી માતાજી મંદિર, બહુચરા માતાજી મંદિર, દશામા મંદિર સહિત જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં આવેલા માતાજીનાં મંદિરો પણ નવરાત્રી દરમ્યાન અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહયા છે. આ ઉપરાંત ચોટીલા ખાતે આવેલા ચામુંડા માતાજીનાં મંદિરે પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. શક્તિની આરાધનાના પર્વ એવા માઘ માસની નવરાત્રીનો આજે પ્રારંભ થયો છે. ત્યારે વિવિધ સ્વરૂપે બિરાજતાં માતાજીના મંદીરોમાં પુજન, અર્ચન, આરતી, અનુષ્ઠાન, હવન, ગરબા સહિતનાં કાર્યક્રમોના ભવ્ય આયોજનો સાથે ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહયા છે. નવરાત્રીના પ્રારંભ સાથે આજે જૂનાગઢ શહેરમાં આવેલા માતાજીનાં મંદિરોમાં પણ સવારથી જ ભક્તજનો દર્શનાર્થે ઉમટી પડયા છે.

## જૂનાગઢ તાલુકાના વધાવી ગામે વાડી વિસ્તારમાં બે મહિલા સહિત ૭ જુગારીઓ જુગાર રમતા ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ તાલુકા પોલીસે વધાવી ગામે વાડી વિસ્તારમાં જુગાર રમતા ૨ મહિલા સહિત ૭ને ૧.૦૮ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસે વધાવી ગામે વાડી વિસ્તારમાં જુગાર અંગે દરોડો પાડતા ઘેલાભાઈ ડાયાભાઈ વાળા, ફારૂકભાઈ ગનીભાઈ શેખ, કરશનભાઈ જીવાભાઈ રામ, ભીમશીભાઈ માલદેભાઈ મારડીયા, નટુભા રતનસીંગ ચુડાસમા, લીલીબેન પાલાભાઈ કરમુર અને ભાવનાબેન ને તીનપતી રોન પોલીસ નામનો હારજીતનો જુગાર રમતા રૂા.૭૨૪૬૦ રોકડ સહિત ૭ મોબાઈલ મળી કુલ રૂા.૧,૦૮,૯૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી છે.

## વંથલીના ગાંઠીલા નજીક બે મોટર સાયકલો વચ્ચે ટક્કર એકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

વંથલીના ગાંઠીલા નજીક સામસામે મોટર સાયકલો અથડાતા એકનું મોત થયાનું વંથલી પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે સ્મીતભાઈ ઉર્ફે ગોપાલભાઈ પરમારે મોટર સાયકલ નં.જીજે-૧૧-સીપી-૧૩૮૨ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના પિતા પેશન મોટર સાયકલ લઈને મોહબતપુર(નવાગામ)થી ગાંઠીલા તરફ જતા હોય તે વખતે આરોપીએ તેની મોટર સાયકલ પુરઝડપે ચલાવી ફરીયાદીના પિતાની મોટર સાયકલ સાથે એકસીડન્ટ કરી ફરીયાદીના પિતાનું શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## માળીયા હાટીનાના વિસણવેલ ગામે ગાળો બોલવાની ના પાડતા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

માળીયા હાટીનાના વિસણવેલ ગામે ગાળો બોલવાની ના પાડતા હુમલો કર્યાની બે મહિલા સહિત ૪ સામે ફરીયાદ ચોરવાડ પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે સુમીતાબેન કારાભાઈ રાઠોડે મયુર છોટાલાલ કાનાબાર, આનંદભાઈ છોટાલાલ કાનાબાર, રેણુકાબેન મયુરભાઈ કાનાબાર, કડવીબેન છોટાલાલ કાનાબાર વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓ મયુર, આનંદ અને રેણુકાબેન તેમના ઘરની અગાસી ઉપર ફોનમાં મોટે મોટેથી ગાળો બોલતા હોય અને બાજુમાં ફરીયાદીના ઘરે પ્રસંગ હોય જેથી ફરીયાદી તથા સાહેદોએ આરોપીઓને ગાળો બોલવાની ના પાડતા આરોપી મયુરે રીક્ષાના સાયલેન્સર વડે તથા આરોપી રેણુકાબેન લાકડી વડે હુમલો ફરીયાદી તથા સાહેદોને મારમાર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## માંગરોળ નગરપાલીકાની ચુંટણી માટે ત્રણ દિવસ દરમ્યાન ૧૨૧ ફોર્મ ઉપડયા

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩૦

માંગરોળ નગરપાલિકાની ચુંટણી માટે ગઈકાલે વધુ ૩૨ સહિત છેલ્લા ત્રણ દિવસમાં કુલ ૧૨૧ ફોર્મ ઉપડ્યા છે. સામે ગઈકાલે વોર્ડ નં.૪ માટે એક માત્ર ફોર્મ જમા થયું છે. આજે એક પણ ઉમેદવારી નોંધાઈ નથી. દરમ્યાન નગરપાલિકાની ૩૬ બેઠકો માટે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ૧૩:૨૩ના પ્રમાણમાં સીટ સેરિંગ સાથે ગઠ્ઠબંધન જાહેર થતાં ચુંટણીમાં નવો ટ્વિસ્ટ જોવા મળ્યો હતો. આ પહેલા કોંગ્રેસ માટે આ ચુંટણીમાં વિકટ સ્થિતિ જોવા મળતી હતી. જાણકારોના મતે કોંગ્રેસ સાથે ચૂંટણી સમજોતાના સતાવાર સમાચારો બહાર આવતા હવે ભાજપ વિરોધી મતોનું વિભાજન મહદ્ અંશે અટકશે. જો કે નવું ગઠબંધન કોને નડશે ?, કોને ફળશે ? તે અંગે અનેકવિધ ચર્ચાઓ શરૂ થઈ છે.

## જૂનાગઢ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી સંદર્ભે મતદાન મથકો તથા તેની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તાર માટે નિયંત્રણો જાહેર કરાયા

જૂનાગઢ તા.૩૦

રાજયના ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૨૧/૦૧/૨૦૨૫થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ફેબ્રુઆરી-૨૦૨૫ માં જૂનાગઢ જિલ્લામાં જૂનાગઢ મહાનગરપાલિકા તથા કુલ-૬ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તેમજ જૂનાગઢ જિલ્લાની તાલુકા પંચાયતોની કુલ-૨ બેઠકોની પેટા ચૂંટણી યોજાનાર છે. જે અંતર્ગત મતગણતરી તા.૧૮/૦૨/૨૦૨૫ નાં રોજ થનાર છે. આ મતગણતરીના દિવસોએ મત ગણતરીના સ્થળે ચૂંટણીના પરિણામો જાણવા માટે મોટી સંખ્યામાં માણસો એકત્ર થવાની શકયતાઓ રહેલી છે. ચૂંટણીના પરિણામોના કારણે પણ તેના પ્રત્યાઘાતો પડે તેવી સંભાવના છે. આ કારણે મત ગણતરીના સ્થળે તંગદીલીભર્યું વાતાવરણ ન સર્જાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ અમૂક કૃત્યો પર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે. જે અન્વયે જૂનાગઢ જિલ્લા મેજીસ્ટ્રેટ અનિલકુમાર રાણાવસિયા એ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ ઉકત ચુંટણીની મત ગણતરી જયાં થનાર છે તે સ્થળો ખાતે મત ગણતરીના સ્થળની ૨૦૦ મીટરની ત્રિજયામાં મતગણતરીના દિવસે એટલે કે તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ ૦૦-૦૦ કલાકથી મત ગણતરીની કામગીરી પૂર્ણ થતો સુધીના સમય માટે નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું. જે મુજબ ચાર કે તેથી વધુ માણસોએ એકી સાથે ભેગા થવું નહી. જાહેર સુલેહશાંતી જોખમાય તેવા સૂત્રો પોકારવા નહી. કોઈપણ વ્યકિતએ લાઠી અંગર ઈજા થાય તેવા હથિયાર સાથે રાખીને ફરવું નહી. કોઈ વ્યકિતએ કોઈ પણ જાતના વિસ્ફોટક પદાર્થો અગર આગ લાગે તેવો કોઈ પદાર્થ સાથે રાખવો નહી. કોઈ વ્યકિતએ કોડ લેસ ફોન, મોબાઈલ ફોન, વાયરલેસ સાથે પ્રવેશવું નહીં. મત ગણતરી ખંડની અંદર અધિકૃત અધિકારીશ્રીએ જેમને અધિકૃત કરી ઓળખપત્ર આપેલ છે તે સિવાયની કોઈપણ વ્યકિતએ પ્રવેશવુ નહી. ચૂંટણી કામગીરીની ફરજ ઉપર હોય અને ચૂંટણી પંચના તત્કાલીન આદેશાનુસાર અધિકૃત કરાયેલ હોય તેવા અધિકારી/કર્મચારીને આ હુકમ લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNS, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

### અવસાન નોંધ

સોરઠીયા વાણંદ પરમાર સવિતાબેન બચુભાઈ (ઉ. વ. ૮૨) તે પ્રકાશભાઈ બચુભાઈ (લાઈન મેન )નાં માતુશ્રીનું તા.૨૯/૧/૨૦૨૫નાં રોજ અવસાન પામેલ છે. તેનું બેસણું આજ તા.૩૦/૧/૨૦૨૫ ગુરૂવારનાં રોજ ખરડેશ્વર મંદિર, વાંજા વાડ ખાતે સાંજે ૪ થી ૬ રાખવામાં આવેલ છે.

## જૂનાગઢ મનપાની ચૂંટણી માટે આવતીકાલે ભાજપની યાદી જાહેર થવાની વકી

### આજ સાંજ સુધીમાં ઉમેદવારીપત્રક ભરવાની તૈયારી કરી દેવા સંબંધિતોને સુચના અપાશે

જૂનાગઢ તા. ૩૦

જૂનાગઢ મહાનગરપાલિકાની આગામી તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાનાર ચૂંટણી માટેના ઉમેદવારોની યાદી ભાજપ દ્વારા આવતીકાલે જાહેર કરવામાં આવે તેવા નિર્દેશો મળી રહયા છે.

જૂનાગઢ મનપાની ચૂંટણી માટે ભાજપમાંથી ૪૫૦ જેટલા દાવેદારોએ દાવેદારી નોંધાવી હતી અને ટીકીટ મેળવવાના પ્રયત્નો શરૂ કરી દીધા છે. દરમ્યાન ૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાનાર મનપાની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તા. ૧ ફેબ્રુઆરી છે. જેને ધ્યાને લઈ ભારતીય જનતા પાર્ટી દ્વારા આવતીકાલે ઉમેદવારોની નામાવલી જાહેર કરે તેવી સંભાવના છે જો કે જે લોકોને ચૂંટણી લડવા માટે ફાઈનલ કરી દેવામાં આવેલ છે તેવા ઉમેદવારોને આજે સાંજ સુધીમાં ઉમેદવારીપત્રક ભરવાની તૈયારી રાખવા માટે આદેશ જારી કરી દેવામાં આવે તેવું પણ ચર્ચાઈ રહયું છે. ભાજપ દ્વારા આવતીકાલે ઉમેદવારોનું લીસ્ટ જાહેર કરી દેવામાં આવશે અને છેલ્લા કેટલાક દિવસ થયા સર્જાયેલા સસ્પેન્સનો અંત આવશે. આવતીકાલે ભાજપ દ્વારા ઉમેદવારોની નામાવલી જાહેર થવાની છે તેવા સંજોગોમાં સંબંધિતોની મીટ મંડાયેલી છે.

## જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી દ્વારા માંગરોળના લોએજ ખાતે એક-દિવસીય નિદર્શન અને તાલીમ યોજાઈ



જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીની કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજની ઓલ ઈન્ડિયા કો-ઓર્ડિનેટેડ રીસર્ચ પ્રોજેક્ટ - સિચાઈ પાણી વ્યવસ્થાપન, સિંચાઈ અને ડ્રેનેજ ઇજનેરી વિભાગ દ્વારા, "દરિયાકાંઠા વિસ્તારમાં ભૂગર્ભજળ રીચાર્જ અને સિંચાઈ પાણી વ્યવસ્થાપન" વિષય ઉપર દરિયાકાંઠા વિસ્તારના માંગરોળ તાલુકાના લોએજ તથા તેની આસપાસના ગામોના ખેડૂતો તેમજ મેરા ગાવ મેરા ગૌરવ કાર્યક્રમ હેઠળના મકતુપુર, રહીજ, કંકાશા, શીલ અને તલોદ્રા ગામોના ખેડૂતો માટે એક-દિવસીય નિદર્શન-વ-તાલીમ કાર્યક્રમનું માંગરોળ તાલુકાના લોએજ ગામના ડિઝાસ્ટર હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. આ તાલીમનું ઉદ્ઘાટન કાર્યક્રમના અધ્યક્ષ અને જૂનાગઢ કૃષિ યુનીવર્સીટીના સંશોધન નિયામક અને ડીન પી.જી.સ્ટડીઝ, જૂનાગઢ ડો. આર. બી. માદરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. જયારે અતિથી વિશષશ્રીઓ બાગાયત મહાવિદ્યાલયના આચાર્ય અને ડીન તરીકે ડો. ડી. કે. વરૂ, સહકારી મંડળીના પ્રમુખશ્રી રવિભાઈ નંદાણીયા, તથા કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજના આચાર્ય અને ડીન ડો. એચ.ડી. રાંક, પ્રોસેસીંગ અને ફૂડ એન્જીનીયરીંગ વિભાગના વાડા ડો.એમ.એન. ડાભી, પ્રો. એ.એલ. વાઢેર, પ્રો. પી. બી. વેકરીયા, ડો. આર. જે. પટેલ, પ્રો. ડી. બી. ચાવડા વિગેરે પણ ઉપસ્થિત રહેલ. એક-દિવસીય નિદર્શન અને તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના તજજ્ઞો દ્વારા જળ સંચયની અગત્યતા, બાગાયતી પાકોની સફળ ખેતી, કૃષિ પાકોની આવક વધારવા મૂલ્યવર્ધન, ભૂગર્ભજળ રીચાર્જ, ખેતી ખર્ચ ઘટાડવા માટે યાંત્રિકીકરણ, ડ્રોન પ્રત્યક્ષ નિદર્શન, પાણીનો કાર્યક્ષમ ઉપયોગ, પ્રિસિઝન એગ્રીકલ્ચર અને પિયત પાણી વ્યવસ્થાપનમાં ઓટોમેશનના વિષયો પર ઉપસ્થિત તાલીમાર્થીઓને માર્ગદર્શિત કરવામાં આવેલ તેમજ આધુનિક ટેકનોલોજીનું યાંત્રિકીકરણ, ડ્રોન ટેકનોલોજીનું પ્રત્યક્ષ નિદર્શન પણ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજના આચાર્ય અને ડીન તેમજ એઆઈસીઆરપી સિંચાઈ પાણી વ્યવસ્થાપન, સિંચાઈ અને ડ્રેનેજ ઇજનેરી વિભાગના વડા ડો. એચ.ડી. રાંકની રાહબરી હેઠળ પ્રો. પી. બી. વેકરીયા, ડો. આર.જે.પટેલ, પ્રો. એ. એલ. વાઢેર, પ્રો. ડી.બી.ચાવડા વિગેરે અધિકારીઓ આ એક દિવસીય ખેડૂત તાલીમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ હતી.

## ખાંટ રાજપુત સમાજના ઉમેદવારોને આગામી મહાનગરપાલીકાની ચૂંટણીમાં ભાજપની ટીકીટો આપવા રજુઆત

જૂનાગઢ તા.૩૦

સમસ્ત ખાંટ રાજપુર સમાજ ભવનાથના પ્રમુખ અને બાર એસોસીએશનના માજી પ્રમુખ સીનીયર એડવોકેટ શ્રી નાથાભાઈ મોરીએ ભાજપના પ્રમુખ પુનીતભાઈ શર્મા તથા ચુંટણી ઈન્ચાર્જ કમલેશભાઈ મીરાણીને રૂબરૂ મળી રજુઆત કરી કે સમસ્ત ખાંટ રાજપુત સમાજ વર્ષોથી ભાજપ વિચારસરણી સાથે જોડાયેલ છે. જૂનાગઢ મહાનગર વોર્ડ નં.૧, વોર્ડ નં.૨, વોર્ડ નં.૪ તથા વોર્ડ નં.૯માં કુલ ચાર હજાર જ્ઞાતીના મતદારો છે. વોર્ડ નં.૧માં વિપુલ રાઠોડ, વોર્ડ નં.૨માં રાજેશભાઈ સરવૈયા એડવોકેટ, વોર્ડ નં.૪માં રાહુલ ભાલીયા, રૂપેશ ડાભીએ ભાજપમાંથી ટીકીટ માટે ઉમેદવારી નોંધાવી છે. ખાંટ સમાજના ઉમેદવારોને આ વર્ષે ટીકીટમાંથી ઉમેદવારી કરવાની તક આપવાની સ્થાનિક લેવલે તથા પ્રદેશ લેવલે જ્ઞાતિ સમાજના આગેવાનોએ રજુઆત કરી છે.

મામલતદાર, જૂનાગઢ ગ્રામ્યની કોર્ટમાં, તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ

નં.જન્મ-મરણ/નોંધણી કેસ નં.૪૭/૨૦૨૪

### જાહેર નોટીસ

શ્રી વાઘેલા ગેરીબેન સવજીભાઈ
રહે. પલાસવા તા.જી. જૂનાગઢ ..... અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી
ગ્રામ પંચાયત કચેરી - પલાસવા
સમન્સથ્રુ : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી રહે.
પલાસવા ... સામાવાળા

જન્મ અને મરણની નોંધણી અધિનિયમ-૧૯૬૯ અંગેના જન્મ-મરણ નોંધણી (સુધારો) એકટ-૨૦૨૩ની કલમ-૧૧(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા જણાવવાનું કે, આ કામના અરજદારશ્રી વાઘેલા ગેરીબેન સવજીભાઈ રહે, પલાસવા તા. જી. જૂનાગઢ વાળાએ તેમના પુત્ર રમેશની જન્મ અંગેની નોંધ તા. ૦૧-૦૬-૧૯૯૧ ગ્રામ પંચાયત કચેરી, પલાસવા તા. જૂનાગઢ ગ્રામ્ય જી. જૂનાગઢમાં થયેલ ન હોય જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, પલાસવા તા. જૂનાગઢ ગ્રામ્ય કચેરીનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરી આપવા અંગે અત્રેની કોર્ટમાં અરજદાર તરફથી અરજી કરવામાં આવેલ છે. આ અરજી અંગે કોઈપણ વ્યકિતને વર-વાંધો કે તકરાર હોય તો તેણે જાતે અથવા તેના મુખત્યાર કે વકીલ મારફતે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં મામલતદાર કચેરી, જૂનાગઢ (ગ્રામ્ય) ખાતે વાંધા અરજી સાથે રૂબરૂ હાજર રહેશો. જેમાં કશુર થઈએ, કોઈ વ્યકિતને કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવુ માની આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તા. ૨૮ માહે જાન્યુઆરી-૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

સહી અવાચ્ય
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
અને
મામલતદાર, જૂનાગઢ ગ્રામ્ય

સ્થળ : જૂનાગઢ
તારીખ : ૨૮-૦૧-૨૦૨૫

મામલતદાર, જૂનાગઢ ગ્રામ્યની કોર્ટમાં, તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ

નં.જન્મ-મરણ/નોંધણી કેસ નં.૨૬/૨૦૨૪

### જાહેર નોટીસ

શ્રી પરમાર કાંતાબેન માધાભાઈ
રહે. ખડીયા, તા.જી. જૂનાગઢ ..... અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી
ગ્રામ પંચાયત કચેરી - ખડીયા
સમન્સથ્રુ : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી રહે.
ખડીયા ... સામાવાળા

જન્મ અને મરણની નોંધણી અધિનિયમ-૧૯૬૯ અંગેના જન્મ-મરણ નોંધણી (સુધારો) એકટ-૨૦૨૩ની કલમ-૧૧(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા જણાવવાનું કે, આ કામના અરજદારશ્રી પરમાર કાંતાબેન માધાભાઈ રહે. ખડીયા તા. જી. જૂનાગઢ વાળાએ તેમના માતૃશ્રી સ્વ. જીવીબેન હમીરભાઈ સાગઠીયાના મરણ અંગેની નોંધ તા. ૦૪-૦૨-૨૦૧૨ નાં ગ્રામ પંચાયત કચેરી, ખડીયા તા. જૂનાગઢ ગ્રામ્ય જી. જૂનાગઢમાં થયેલ ન હોય જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, ખડીયા તા. જૂનાગઢ ગ્રામ્ય કચેરીનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરી આપવા અંગે અત્રેની કોર્ટમાં અરજદાર તરફથી અરજી કરવામાં આવેલ છે. આ અરજી અંગે કોઈપણ વ્યકિતને વર-વાંધો કે તકરાર હોય તો તેણે જાતે અથવા તેના મુખત્યાર કે વકીલ મારફતે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં મામલતદાર કચેરી, જૂનાગઢ (ગ્રામ્ય) ખાતે વાંધા અરજી સાથે રૂબરૂ હાજર રહેશો. જેમાં કસુર થઈએ, કોઈ વ્યકિતને કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવુ માની આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તા. ૨૬ માહે જાન્યુઆરી-૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

સહી અવાચ્ય
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
અને
મામલતદાર, જૂનાગઢ ગ્રામ્ય

સ્થળ : જૂનાગઢ
તારીખ : ૨૮-૦૧-૨૦૨૫

મામલતદાર, જૂનાગઢ ગ્રામ્યની કોર્ટમાં, તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ

નં.જન્મ-મરણ/નોંધણી કેસ નં.૨૭/૨૦૨૪

### જાહેર નોટીસ

શ્રી જમનભાઈ જાદવભાઈ કથીરીયા
રહે. પલાસવા તા.જી. જૂનાગઢ ..... અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી
ગ્રામ પંચાયત કચેરી - પલાસવા
સમન્સથ્રુ : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી રહે.
પલાસવા ... સામાવાળા

જન્મ અને મરણની નોંધણી અધિનિયમ-૧૯૬૯ અંગેના જન્મ-મરણ નોંધણી (સુધારો) એકટ-૨૦૨૩ની કલમ-૧૧(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા જણાવવાનું કે, આ કામના અરજદારશ્રી જમનભાઈ જાદવભાઈ કથીરીયા રહે, પલાસવા તા. જી. જૂનાગઢ વાળાએ તેમના દાદા સ્વ. પોપટભાઈ આણંદભાઈ કથીરીયાના મરણ અંગેની નોંધ તા. ૧૫-૧૨-૨૦૨૧ ગ્રામ પંચાયત કચેરી, પલાસવા તા. જૂનાગઢ ગ્રામ્ય જી. જૂનાગઢમાં થયેલ ન હોય જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, પલાસવા તા. જૂનાગઢ ગ્રામ્ય કચેરીનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરી આપવા અંગે અત્રેની કોર્ટમાં અરજદાર તરફથી અરજી કરવામાં આવેલ છે. આ અરજી અંગે કોઈપણ વ્યકિતને વર-વાંધો કે તકરાર હોય તો તેણે જાતે અથવા તેના મુખત્યાર કે વકીલ મારફતે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં મામલતદાર કચેરી, જૂનાગઢ (ગ્રામ્ય) ખાતે વાંધા અરજી સાથે રૂબરૂ હાજર રહેશો. જેમાં કસુર થઈએ, કોઈ વ્યકિતને કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવુ માની આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તા. ૨૮ માહે જાન્યુઆરી-૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

સહી અવાચ્ય
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
અને
મામલતદાર, જૂનાગઢ ગ્રામ્ય

સ્થળ : જૂનાગઢ
તારીખ : ૨૮-૦૧-૨૦૨૫

મામલતદાર, જૂનાગઢ ગ્રામ્યની કોર્ટમાં, તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ

નં.જન્મ-મરણ/નોંધણી કેસ નં.૩૪/૨૦૨૪

### જાહેર નોટીસ

શ્રી જમનભાઈ જાદવભાઈ કથીરીયા
રહે. પલાસવા તા.જી. જૂનાગઢ ..... અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી
ગ્રામ પંચાયત કચેરી - પલાસવા
સમન્સથ્રુ : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી રહે.
પલાસવા ... સામાવાળા

જન્મ અને મરણની નોંધણી અધિનિયમ-૧૯૬૯ અંગેના જન્મ-મરણ નોંધણી (સુધારો) એકટ-૨૦૨૩ની કલમ-૧૧(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા જણાવવાનું કે, આ કામના અરજદારશ્રી જમનભાઈ જાદવભાઈ કથીરીયા રહે, પલાસવા તા. જી. જૂનાગઢ વાળાએ તેમના પિતાશ્રી સ્વ. જાદવભાઈ પોપટભાઈ કથીરીયાના મરણ અંગેની નોંધ તા. ૧૮-૦૯-૨૦૦૬ ગ્રામ પંચાયત કચેરી, પલાસવા તા. જૂનાગઢ ગ્રામ્ય જી. જૂનાગઢમાં થયેલ ન હોય જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, પલાસવા તા. જૂનાગઢ ગ્રામ્ય કચેરીનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરી આપવા અંગે અત્રેની કોર્ટમાં અરજદાર તરફથી અરજી કરવામાં આવેલ છે. આ અરજી અંગે કોઈપણ વ્યકિતને વર-વાંધો કે તકરાર હોય તો તેણે જાતે અથવા તેના મુખત્યાર કે વકીલ મારફતે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં મામલતદાર કચેરી, જૂનાગઢ (ગ્રામ્ય) ખાતે વાંધા અરજી સાથે રૂબરૂ હાજર રહેશો. જેમાં કસુર થઈએ, કોઈ વ્યકિતને કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવુ માની આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તા. ૨૮ માહે જાન્યુઆરી-૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

સહી અવાચ્ય
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
અને
મામલતદાર, જૂનાગઢ ગ્રામ્ય

સ્થળ : જૂનાગઢ
તારીખ : ૨૮-૦૧-૨૦૨૫

મામલતદાર, જૂનાગઢ ગ્રામ્યની કોર્ટમાં, તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ

નં.જન્મ-મરણ/નોંધણી કેસ નં.૪૭/૨૦૨૪

### જાહેર નોટીસ

શ્રી ધોણીયા પુનાભાઈ ગંગદાસભાઈ
રહે. પલાસવા તા.જી. જૂનાગઢ ..... અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી
ગ્રામ પંચાયત કચેરી - પલાસવા
સમન્સથ્રુ : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી રહે.
પલાસવા ... સામાવાળા

જન્મ અને મરણની નોંધણી અધિનિયમ-૧૯૬૯ અંગેના જન્મ-મરણ નોંધણી (સુધારો) એકટ-૨૦૨૩ની કલમ-૧૧(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા જણાવવાનું કે, આ કામના અરજદારશ્રી ધોણીયા પુનાભાઈ ગંગદાસભાઈ રહે, પલાસવા તા. જી. જૂનાગઢ વાળાએ તેમના માતા જાનુમા ના મરણ અંગેની નોંધ તા. ૧૭-૧૨-૨૦૨૨ ગ્રામ પંચાયત કચેરી, પલાસવાતા. જૂનાગઢ ગ્રામ્ય જી. જૂનાગઢમાં થયેલ ન હોય જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, પલાસવા તા. જૂનાગઢ ગ્રામ્ય કચેરીનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરી આપવા અંગે અત્રેની કોર્ટમાં અરજદાર તરફથી અરજી કરવામાં આવેલ છે. આ અરજી અંગે કોઈપણ વ્યકિતને વર-વાંધો કે તકરાર હોય તો તેણે જાતે અથવા તેના મુખત્યાર કે વકીલ મારફતે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં મામલતદાર કચેરી, જૂનાગઢ (ગ્રામ્ય) ખાતે વાંધા અરજી સાથે રૂબરૂ હાજર રહેશો. જેમાં કસુર થઈએ, કોઈ વ્યકિતને કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવુ માની આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તા. ૨૮ માહે જાન્યુઆરી-૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

સહી અવાચ્ય
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
અને
મામલતદાર, જૂનાગઢ ગ્રામ્ય


સ્થળ : જૂનાગઢ
તારીખ : ૨૮-૦૧-૨૦૨૫

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો ૧૭મો પદવીદાન સમારોહ યોજાયો

## પુર્ણતા પામવા મનુષ્યના મૂળમાં સંસ્કૃતરૂપી સિંચન જરૂરી છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

## ૨૩ ગોલ્ડમેડલ અને ૪ સિલ્વરમેડલ સાથે કુલ ૭૬૬ વિદ્યાર્થીઓને પદવી-પ્રમાણપત્ર એનાયત






(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૩૦

ગુજરાતની એકમાત્ર શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો ૧૭મો પદવીદાન સમારોહ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં આજે ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક એવા વેરાવળ ખાતે યોજાયો હતો.

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને દીક્ષાંત પ્રવચન આપતાં જણાવ્યું હતું કે, જો ભારતીય સંસ્કૃતિને જાણવી હશે, તો સંસ્કૃત ભાષા શીખવી જ પડશે. ભારતીય જ્ઞાન-પરંપરાના મૂળ આધારરૂપ વેદ, ઉપનિષદ વગેરે સંસ્કૃતમાં જ લખાયેલા છે. તેના આધારે જ ગીતા, રામાયણ-મહાભારત તેમજ સ્ત્રોતસૂત્ર અને ગ્રંથોની રચના થઈ છે. આ રીતે વેદ આપણી સંસ્કૃતિ અને ધર્મનો આધારસ્તંભ છે. પ્રાચીન ભારતીય વૈચારિક દર્શન અને જીવનદર્શનનો મૂળ આધાર સંસ્કૃત સાહિત્ય અને તેમાં લખાયેલા ગ્રંથો છે, તે સંસ્કૃતની મહત્તા દર્શાવે છે. તેમ તેમણે જણાવ્યું હતું.

વિદ્યાર્થીઓને શીખ આપતાં તેમણે જણાવ્યું હતું કે, જે રીતે આપણે વૃક્ષના મૂળને પાણી આપીએ તો સમગ્ર વૃક્ષ હર્યુંભર્યું બને છે. તે રીતે જ જો મનુષ્યને પૂર્ણતા પામવી હશે તો તેના મૂળમાં સંસ્કૃતરૂપી સિંચન કરવું જરૂરી છે. સંસ્કૃત યુનિવર્સિટી સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અર્થે, લોકોમાં સંસ્કૃત ભાષા પ્રત્યે અભિરૂચિ કેળવાય તે માટે પ્રયત્નશીલ છે, તેમ જણાવી રાજયપાલશ્રીએ સંસ્કૃત યુનિવર્સિટીની સંસ્કૃત વિદ્યાલક્ષી કામગીરીને બીરદાવી હતી.

તેમણે કહ્યું કે, એટલે કે, વેદ સર્વાધિક પ્રાચીન ગ્રંથ છે. જર્મન લેખક મેક્સમૂલરે પણ એ વાતનો સ્વીકાર કર્યો હતો કે, વિશ્વની પહેલી લાઈબ્રેરી બની તેમાં જે પ્રથમ ગ્રંથ પ્રાપ્ત બન્યો તે વેદ જ હતો. વેદ પછી જ બાકીના અન્ય સાહિત્યનું સર્જન થયું છે.

વેદની ભાષા સંસ્કૃત છે. વેદનો કોઈ લેખક નથી. આજે કોઈ નાનું પુસ્તક પણ લખે તો તેમાં તેનું નામ અવશ્ય લખે છે પરંતુ ઋગ્વેદ, સામવેદ, અથર્વવેદ અને યજુર્વેદનો કોઈ લેખક નથી. કારણકે ઋષિઓનું માનવું હતું કે, વેદમાં પીરસાયેલું જ્ઞાન એ ઈશ્વરિય જ્ઞાન છે. જ્ઞાનના વિવિધ આયામો સમજાવતાં રાજયપાલે જણાવ્યું હતું કે, વિજ્ઞાન અને ટેક્નોલોજી ગમે એટલી આગળ ધપે પરંતુ ધરતી પર મનુષ્ય એકમાત્ર એવું પ્રાણી છે. તેને જો શીખવાડવામાં આવે તો જ શીખે છે. પ્રાણીઓને તે શીખવાડવું પડતું નથી. મનુષ્યએ મેળવેલું જ્ઞાન નૈમિત્તિક છે. કારણ કે, તેને શીખવા માટે નિમિત્ત બનવું પડે છે. જ્યારે પ્રાણીએ મેળવેલું જ્ઞાન સ્વાભાવિક હોય છે. છતાં, વધુ મહત્વની વાત એ છે કે, મનુષ્ય પોતે મેળવેલા જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરીને તેને આગળ ધપાવે છે. રાજયપાલશ્રીએ કહ્યું કે, આપણી જ્ઞાન પરંપરામાં સૌથી પ્રાચીન ગ્રંથ વેદ છે. આ વેદ તમામ વિદ્યાઓથી પરિપૂર્ણ છે. કોઈ એવી વિદ્યા નથી કે જે વેદમાં નથી. તમામ સાહિત્યની રચનાઓનો આધાર વેદ છે.

વેદ જ્ઞાનનું મહત્વ સમજાવતાં રાજયપાલશ્રીએ કહ્યું હતું કે, સૃષ્ટિના પ્રારંભમાં જ્યારે આ વિશ્વ બન્યું ત્યારે પરમાત્માએ માનવ અને પ્રાણીમાત્રના કલ્યાણ માટે વેદનું જ્ઞાન આપ્યું હતું. આ જ્ઞાનને અગ્નિ, વાયુ, આદિત્ય અને અંગીરા નામના ચાર ઋષિઓના હ્દયમાં સ્થાન આપી અને તેનો પ્રસાર કર્યો હતો. રાજયપાલે જણાવ્યું કે, વેદમાં રહેલું જ્ઞાન એ ઈશ્વરની વાણી છે. વેદમાં તમામ વિદ્યાઓનો સમાવેશ થાય છે. ભગવાન પૂર્ણ છે તો તેનું જ્ઞાન પણ પૂર્ણ છે અને માનવી અપૂર્ણ છે તો તેનું જ્ઞાન પણ અપૂર્ણ છે. આ પરમ જ્ઞાનને આજે મનુષ્ય વિસારી રહ્યો છે. આ ધરતીના પ્રાણીમાત્રના કલ્યાણનો આધાર વેદ છે. જેમાં જ્ઞાતિ-જાતિ કે ધર્મના ભેદભાવને કોઈ જ સ્થાન નથી. આદિકાળથી ઋષિ પરંપરાથી ચાલી આવતી આપણી મૂળ સંસ્કૃતિ અને તેનું જ્ઞાન જ વિશ્વશાંતિનો આધાર, સમાજ નિર્માણનો આધાર, સમાજની યુવાપેઢીના ઉપદેશનો આધારસ્તંભ બની રહેશે.

રાજયપાલે જણાવ્યું કે, આજે વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ અંગ્રેજી ભાષાના જ્ઞાનના આધારે થયો છે. પરંતુ જે સંસ્કૃત ભાષા જાણે છે તે અંગ્રેજીથી દૂર છે અને અંગ્રેજી જાણનાર સંસ્કૃતથી દૂર છે. જો આ બન્ને વચ્ચે તાલમેલ કરવામાં આવે તો તેનું સમાયોજન વિશ્વ કલ્યાણ માટે ખૂબ જ ઉપયોગી પરિણામ આપી શકે તેમ છે. તેમણે સંસ્કૃતની મહત્તા વર્ણવતાં કહ્યું કે, આજે પણ જર્મન યુનિવર્સિટીમાં સંસ્કૃત ભાષા અને ભારતીય વેદનું સંશોધન કરવામાં આવે છે. જર્મની વેદને તેના વિકાસ અને ઉન્નતિનો પરમઆધાર માને છે. પોતાના જીવનમાં સત્ય અને ધર્મનું આચરણ કરજો. પોતાની વિદ્યાનો સદુપયોગ કરી બીજાને પણ આ વિદ્યાનું જ્ઞાન આપજો. સંશાધનોનો સદુપયોગ કરી ઉત્તરોત્તર પ્રગતિ કરો. નવી સિદ્ધિઓ પ્રાપ્ત કરો. મેળવેલા જ્ઞાનને સમાજશ્રેયાર્થે વાપરી સમસ્ત સમાજ અને વિશ્વનું કલ્યાણ થાય તે દિશામાં કાર્યરત બનો તેવી શુભકામનાઓ પાઠવી હતી. સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ સુકાંતકુમાર સેનાપતિએ યુનિવર્સિટીએ મેળવેલી સિદ્ધિઓ અને ઉપલબ્ધિઓની વાત કરતાં જણાવ્યું હતું કે, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં વિકસિત ભારત માટે પાયાના પથ્થર સાબિત થાય તે પ્રકારના વિદ્યાર્થીઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. યુનિવર્સિટીમાં ગુણોત્કર્ષના માધ્યમથી વિદ્યાર્થીઓનો વિકાસ, શાસ્ત્રનું શિક્ષણ અને પ્રશિક્ષણ, રમતગમત સહિતની બહુઆયામી ઈત્તરપ્રવૃત્તિઓ સહિત વિદ્યાર્થીઓ અને કર્મચારીઓનું કૌશલ્ય વિકસે એ રીતે અધ્યયન કરાવવામાં આવી રહ્યું છે. આ અવસરે રાજયપાલશ્રી અને મહાનુભાવોના હસ્તે "શાસ્ત્રાધિગમ સંદર્ભે લૌકિકન્યાયાં:" (ડો.બી.ઉમા મહેશ્વરી), "ધર્મશાસ્ત્રસ્ય આધુનિકવિજ્ઞાનસ્ય ચ અન્તઃસંબંધમ" (ડો.વિશ્વબંધુ), "આયુર્વિજ્ઞાનમ" (ડો.સિહેચ નાગરાજુ), "યોગવિજ્ઞાનમ" (ડો.ભારતભૂષણરથ), "વિકસિતે ભારતે સંસ્કૃતમ" (ડો.પ્રિયવ્રત મિશ્ર) એમ પાંચ ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું. રાજયપાલ અને મહાનુભાવોના હસ્તે ગુજરાતનાં સંસ્કૃત વિદ્વાન ડૉ. વસંત પરીખને શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ સંસ્કૃત વિદ્વાન-૨૦૨૫ પુરસ્કાર અને શોધાર્થી નિકુલ શાન્તિલાલ શીલુને 'શોધવિભૂષણમ્' પુરસ્કાર-૨૦૨૫ એનાયત કરવામાં આવ્યો હતો. આ અવસરે ઉચ્ચ શિક્ષણમંત્રી ઋષિકેશભાઈ પટેલનો શુભેચ્છા સંદેશ વાંચી સંભળાવવામાં આવ્યો હતો. નેકના પૂર્વ નિયામક શ્રી પ્રો. એસ. સી. શર્માએ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું. પ્રભારી કુલસચિવ શ્રી પ્રો. લલિતકુમાર પટેલે આભારવિધ કરી હતી. આજના દિક્ષાંત સમારોહમાં શાસ્ત્રી (બી.એ.)-૩૪૦, આચાર્ય (એમ.એ.)-૧૯૫, પી.જી.ડી.સી.એ.-૧૬૯, શિક્ષાશાસ્ત્રી (બી.એડ.)-૫૨ અને વિદ્યાવાચસ્પતિ (પીએચ.ડી.)-૧૦ અને ૨૩ ગોલ્ડમેડલ (સુવર્ણ પદક) અને ૦૪ સિલ્વરમેડલ (રજત પદક) એમ કુલ મળીને ૨૭ જેટલા પદકો સાથે કુલ ૭૬૬ ડિગ્રી પ્રમાણપત્રો વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવ્યાં હતાં.

આ અવસરે જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજા, પ્રાંત અધિકારી વિનોદ જોશી, અગ્રણી મહેન્દ્રભાઈ પીઠિયા સહિત સંસ્કૃત યુનિવર્સિટીના પ્રધ્યાપકો, સંતો-મહંતો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૫ અંતર્ગત

# જીલ્લા ટ્રાફિક શાખા દેવભૂમિ દ્વારકા પોલીસ દ્વારા વાહન ચાલકોની ફ્રી આંખની તપાસણી તથા ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૩૦

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મે. એસપી નિતેશ પાંડેયની સુચના મુજબ તેમજ ના.પો.અધિક્ષક હાર્દિક પ્રજાપતિ સાહેબ ખંભાળિયા વિભાગના સુપરવિઝન હેઠળતારીખ ૨૮-૧-૨૫ ના રોજ જીલ્લા ટ્રાફિક શાખા પીએસઆઈ વી.એમ.સોલંકી સાહેબ તથા ટ્રાફિક પોલીસ દ્વારા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૫ તારીખ ૧-૧-૨૫ થી ૩૧-૧-૨૫ અંતર્ગત ખંભાળિયા-દ્વારકા હાઈવે રોડ ખંભાળિયા પાયલ ચોકડી પાસે એસટી બસ ડ્રાઈવર-કંડક્ટર તથા ટ્રક ચાલકો તથા અન્ય વાહન ચાલકો માટે 'પરવાહ'(Care) માર્ગ સલામતી કાર્યક્રમ હેઠળ નિ:શુલ્ક આંખ તપાસણી તથા ચશ્મા વિતરણ તથા ડાયાબિટીસ, બીપી તપાસણી ટ્રાફિક અવેરનેસ પેમ્પ્લેટ્સ વિતરણ તથા ટ્રાફિક અવેરનેસ સ્ટીકર્સ ચોટાડવા અંગેનો કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં સરકારી હોસ્પિટલ ખંભાળિયા ડોકટર શ્રી ઉત્સવ પડીયા સાહેબ તથા મેડિકલ ટીમ તથા એઆરટીઓ અધિકારી તથા એસટી ડેપો મેનેજર મિલન રાઠોડની ઉપસ્થિતિમાં એસટી બસ ડ્રાઈવર તથા ટ્રક ચાલકો તથા અન્ય વાહન ચાલકો એમ કુલ ૧૪૭ વાહન ચાલકોની આંખ તથા બીપી ડાયાબિટીસ તપાસણી કરવામાં આવેલ જેમાં ચેકઅપ દરમિયાન ૫૩ જેટલા વાહન ચાલકોને નંબર જણાતા ૫૩ વાહન ચાલકોને ફ્રીમાં ચશ્મા વિતરણ કરવામાં આવેલ તેમજ વાહન ચાલકોને ટ્રાફિક રૂલ્સ બાબતે અવેરનેસ આવે તે માટે ટ્રાફિક રુલ્સ અંગેની પત્રિકાઓનું પણ વિતરણ કરવામાં આવેલ તથા વાહનોમાં ટ્રાફિક અવેરનેસ સ્ટીકર્સ લગાવવામાં આવેલ હતા.

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સોમનાથ ખાતે દિવ્ય શાકોત્સવ ઉજવાયો




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૩૦

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સોમનાથના આંગણે સંસ્થાના સંસ્થાપક શા.સ્વા. ભક્તિપ્રકાશદાસજીનાં સાનિધ્યમાં શાકોત્સવનુ ભવ્ય આયોજન કરાયું હતું. જેમાં હરિભક્તોના પ્રસાદ માટે ૧૦૦ કિલો બાજરા લોટના રોટલા, ૨૦૦ કિલો રીગંણનું શાક અને એ શાક બનાવવા માટે ૬૦ કિલો ઘી અને ૯૦ કિલ્લો તેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૬૦ કિલ્લો ખીચડી અને ૬૦૦ લીટર કઢીનો પ્રસાદ હરિભક્તોએ લીધો હતો. આ સમગ્ર રસોડા વ્યવસ્થા સ્વામી ધર્મકિશોરદાસજી દ્વારા કરવામાં આવેલ આ શાકોત્સવની વ્યવસ્થા માટે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળનો તમામ સ્ટાફગણ સ્વયં સેવકો છેલ્લા ત્રણ દિવસથી સેવા આપી રહ્યા હતા.

આ પ્રસંગે સત્સંગ સભાના વકતા તરીકે શા.સ્વા. ભક્તિકિશોરદાસજી (જુનાગઢવાળા) રહ્યા હતા. તેમજ આ પ્રસંગે શા. સ્વા. પ્રેમસ્વરૂપદાસજી (લાડવી ગુરૂકુળ) શા.સ્વા. ગોવિંદ પ્રસાદદાસજી (વાઘોડિયા ગુરુકુળ) રાજેશભાઈ વડોદરિયા (મુખ્ય યજમાન) વિજયભાઈ શાહ (ટ્રસ્ટી) ચંદુભાઈ દામાણી (ટ્રસ્ટી) તેમજ સોરઠ અને ગીર પંથકના બહોળી સંખ્યામાં આ ભવ્ય અને ભકતજનોએ હાજર રહી દિવ્ય ઉત્સવનો લાભ લીધો હતો.

# હવે ખંભાળિયા શહેરમાં વિકાસને નડતરરૂપ દબાણો કરાશે દૂર : પાલિકા તંત્ર દ્વારા નોટિસો ઈસ્યુ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૦


ખંભાળિયા શહેરમાં નગરપાલિકા તંત્ર દ્વારા વિવિધ પ્રકારના વિકાસ કાર્યો કરવામાં આવી રહ્યા છે. ત્યારે અહીંના ચાર રસ્તા, પોરબંદર રોડ વિસ્તારમાં હાથ ધરવાની થતી વિવિધ પ્રકારની કામગીરી વચ્ચે નડતરરૂપ એવા દબાણને દૂર કરવા જે-તે આસામીઓને નગરપાલિકાએ નોટિસ પાઠવી છે. આશરે બે ડઝન જેટલા લોકોને પાઠવવામાં આવેલી નોટિસ અમુક આસામીઓએ પોતાના દબાણો સ્વૈચ્છિક રીતે દૂર કર્યા છે.

ખંભાળિયા શહેરમાં આવેલા મિલન ચાર રસ્તાથી આગળ ટાઉન હોલથી પોરબંદર રોડ તરફ જતા રસ્તે નગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં નગરપાલિકા ગટર, સ્ટ્રીટ લાઈટ, ડ્રેનેજ સિસ્ટમ વિગેરેની કામગીરી કરવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે અહીં ઘણા વર્ષોથી કેટલાક આસામીઓએ રહેણાંક, કોમર્શિયલ અને કમ્પાઉન્ડ વોલના રૂપે દબાણો કર્યા છે.

આથી આવા દબાણો દૂર કરવા માટે નગરપાલિકાએ આશરે ૨૫ જેટલા આસામીઓ સામે નોટિસો ઈસ્યુ કરી છે. જેમાં નિયત સમય મર્યાદામાં જો આવા દબાણો જે-તે આસામીઓ જો સ્વૈચ્છિક રીતે દૂર નહીં કરે તો નગરપાલિકા આગામી દિવસોમાં તેઓના ખર્ચે અહીં બુલડોઝર ફેરવશે.

આ બાબતને ધ્યાને લઈને અનેક લોકોએ જેસીબી જેવા સાધનોથી પોતાના આવા દબાણો દૂર કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે અનેક આસામી વર્ષોથી વંડાઓ અને જગ્યાઓ વાળી લીધી છે. ત્યારે નગરપાલિકાની નોટિસ બાદ આવા દબાણકારોમાં ફફડાટની લાગણી પ્રસરી જવા પામી છે. આગામી દિવસોમાં નગરપાલિકા અત્રે ચાર રસ્તા નજીક આવેલા સિનેમા નજીક તેલી નદીના પુલથી પોરબંદર રોડ સુધીના વચ્ચેના માર્ગ પરના દબાણો દૂર કરશે. અહીંનો શોર્ટકટ વાહન ચાલકો માટે સુવિધા રૂપ બની રહેશે.

# આજે શહીદ દિવસ




મહાત્મા ગાંધી અને ભારતના ત્રણ ક્રાંતિકારીઓના બલિદાનની યાદમાં ૩૦ જાન્યુઆરી દર વર્ષે શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તે દર વર્ષે ૩૦ જાન્યુઆરીએ મહાત્મા ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે ઉજવવામાં આવે છે. ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ ના રોજ, 'રાષ્ટ્રપિતા'ની હત્યા કરવામાં આવી હતી. ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ની સાંજે, નાથુરામ વિનાયક ગોડસેએ મોહનદાસ કરમચંદ ગાંધીને પોઈન્ટ-બ્લેક રેન્જમાં ગોળી મારી દીધી હતી કારણ કે ભારતના સૌથી આદરણીય નેતા રાજધાની દિલ્હીમાં પ્રાર્થના સભામાંથી બહાર આવ્યા હતા. ૩૮ વર્ષીય ઉત્સાહી જમણેરી પક્ષ હિંદુ મહાસભાના સભ્ય હતા. તેમના પર ગોળીઓ ચલાવી અને તેમના હોઠ ઉપરના છેલ્લા શબ્દો "હે રામ" સાથે મૃત્યુ પામ્યા. ગાંધીજીના જીવન પર આ પહેલો પ્રયાસ ન હતો, પણ તેમણે કહ્યું હતું: 'જો મારે પાગલની ગોળીથી મરવું હોય, તો મારે હસતાં હસતાં કરવું જોઈએ. મારી અંદર ક્રોધ ન હોવો જોઈએ. ભગવાન મારા હ્દયમાં અને મારા હોઠ પર હોવા જોઈએ

૨૦મી સદીના સૌથી પ્રસિદ્ધ અહિંસાના પ્રેષિત પોતે હિંસક અંતમાં આવ્યા. મોહનદાસ મહાત્મા ('મહાત્મા') ગાંધી, જેમણે બ્રિટનથી આઝાદીની ઝુંબેશની આગેવાનીમાં અગ્રણી ભૂમિકા ભજવી હતી, તેમણે ઓગસ્ટ ૧૯૪૭માં ઉપ-મહાદ્વીપના ભારત અને પાકિસ્તાનના અલગ સ્વતંત્ર રાજ્યોમાં વિભાજનને 'સૌથી ઉમદા' તરીકે બિરદાવ્યું હતું. બ્રિટિશ રાષ્ટ્રનું કાર્ય'. હિંદુઓ, મુસ્લિમો અને શીખો વચ્ચે ફાટી નીકળેલી હિંસાથી તે ગભરાઈ ગયો હતો; અને સ્વતંત્રતા દિવસ, ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ સુધીના ભાગરૂપે હજારો લોકોને તેમના ઘરોમાંથી કાઢી મૂક્યા, અને ઉશ્કેરણી કરનારા અને ઝઘડામાં ભાગ લેનારાઓને શરમાવવા માટે તેમણે અગાઉ અપનાવેલી યુક્તિ, આમરણાંત ઉપવાસ હાથ ધર્યા. પાકિસ્તાન સહિત વિશ્વભરમાંથી સમર્થનના સંદેશા આવ્યા.

- ડો.જી.આર. ગોહિલ

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ડિજિટલ પ્રદૂષણની વધતી સમસ્યા

આધુનિક સંદેશા વ્યવહારના ઉપલબ્ધિ સાથેના વર્તમાન સમયમાં એક તરફ આપણી ડિજિટલ નિર્ભરતા વધી રહી છે ત્યારે બીજી તરફ આ ગતિવિધિઓ ડિજિટલ પ્રદૂષણ અને ઈ-કચરાનું કારણ બની રહી છે. સ્માર્ટફોન, લેપટોપ અને કમ્પ્યુટરના ઉપયોગ કરવા સમયે, ખાસ કરીને ઈન્ટરનેટના માધ્યમથી કાંઈપણ મોકલવા, નિહાળવા કે ડાઉનલોડ કરવાથી કાર્બન ફુટપ્રિન્ટ ઉત્પન્ન થાય છે. આ પ્રકારનું ડિજિટલીકરણ પર્યાવરણ સંરક્ષણના અભિયાનમાં મુશ્કેલીઓ ઉભી કરે છે. જે લાંબા ગાળે સ્વચ્છ પર્યાવરણના માનવ અધિકારમાં બાધક બને છે.

ડિજિટલ પ્રદૂષણ દુનિયાના વૈશ્વિક ગ્રીનહાઉસ ઉત્સર્જનમાં ચાર ટકાની ભાગીદારી રાખે છે. વધતા ડિજીટલકરણના કારણે આ સમસ્યા વધુ ગંભીર બની રહી છે. ડિજિટલ ઉપકરણોનું નિર્માણ, વિતરણ, ઉપયોગ અને કચરામાં રૂપાંતરણ આ ચાર તબકકાઓથી પર્યાવરણને વ્યાપક નુકસાન પહોંચે છે. ડિજિટલ ગૈજેટસના નિર્માણમાં પ્રાકૃતિક સંસાધનો - ધાતુ, પાણી અને ઈંધણનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે.

એક કમ્પ્યુટર બનાવવમાં લગભગ ૨૪૦ કિલોગ્રામ ઈંધણ, ૨૨ કિલોગ્રામ ધાતુ અને ૧૫૦૦ લીટર પાણીની જરુર પડે છે. ગૈજેટ બનાવવા માટે પ્રાકૃતિક સંસાધનોનું ખનન અને નિષ્કર્ષણ કરવામાં આવે છે. એક મોબાઈલ ફોન લગભગ ૭૦ રાસાયણિક તત્વોની તૈયાર થાય છે. તેમાં સંમ્મિલિત ધાતુ કોઈ એક દેશ કે મહાદેશમાં ઉપલબ્ધ હોતી નથી. વધતી ટેકનીકી માંગના કારણે આ ખનિજોનું અંધાધૂંધ ખનન, ધોવાણ કરવામાં આવે છે. જે ભવિષ્યમાં કોઈ તકનીકી ખાઈ ઉત્પન્ન કરી શકે છે.

ગૈજેટસના નિર્માણ દરમ્યાન પાણી, ઈંધણ, રસાયણની જરુરિયાત ઉભી થાય છે. વધતી માંગના સમાંતર તેના ઉપયોગમાં વૃદ્ધિ થાય છે. નિર્મિત ગૈજેટસના વિતરણમાં ઉર્જા અને ધનની વ્યાપક ખપત થાય છે. જયારે ઉપકરણ ગ્રાહક પાસે આવે છે તો તેના ઉપયોગની પ્રવૃતિ પર્યાવરણને નુકસાન પહોંચાડે છે. ડિજિટલ ઉપકરણ ઉર્જા વપરાશ માટે જવાબદાર હોય છે. કારણ કે ડિજિટલ ઉપકરણને દિવસમાં અનેક વખત ચાર્જ કરવાની જરુરિયાત ઉભી થાય છે.

બીજી તરફ ઈન્ટરનેટના માધ્યમથી આપણે જે કાંઈ મોકલીએ છીએ તે કાર્બન ફુટપ્રિન્ટ ઉત્પન્ન કરે છે. એક ફોટો પોસ્ટ કરવાથી ૦.૧૫ ગ્રામ, એક સેલ્ફી મોકલવાથી ૫ ગ્રામ અને ઈન્ટરનેટ મીડિયા પર ૨૮ મિનિટની સ્ક્રોલિંગથી ૪૨ ગ્રામ કાર્બન ડાયોકસાઈડનું ઉત્સર્જન થાય છે. ઉપરાંત ઉપયોગ બાદ ડિજિટલ ઉપકરણ કચરાનું રુપ ધારણ કરે છે. પુનર્ચક્રણ ન હોવાની સ્થિતિમાં તે ભૂમિ અને જળ પ્રદૂષણનું પણ કારણ બને છે.

પોતાના ડિજિટલ કાર્બન ફુટપ્રિન્ટને ઘટાડવા માટે પોતાની આદતો અને પ્રાથમિકતાઓમાં બદલાવ લાવવો આવશ્યક છે. ડિજિટલ ઉપકરણોનો ઉપયોગ કરવા સમયે સતર્કતા અને જવાબદારી વર્તવી જોઈએ. બિનજરુરી ડાઉનલોડ અને સ્ટ્રીમિંગને ઓછી કરવા અને ઉર્જાદક્ષ ઉપકરણોનો ઉપયોગ કરવો પણ મહત્વનું છે.

### ગુજરાતમાં ફરી ખેડૂતો માટે ચિંતાના સમાચાર

# સાત જિલ્લાઓમાં બે દિવસ કમોસમી વરસાદની આગાહી

## ૨-૩ ફેબ્રુઆરીએ સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના ૭ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ કમોસમી વરસાદની આગાહી




અમદાવાદ, તા.૩૦

રાજયમાં ધીરે ધીરે ઠંડીનું જોર ઘટી રહ્યું છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૭ દિવસને લઈને આગાહી કરી છે. જેમાં આગામી ૨-૩ ફેબ્રુઆરીએ રાજયના સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના ૭ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજયમાં ફરી માવઠાની આગાહીને લઈને ખેડૂતોમાં ચિંતા. જયારે રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી લઘુતમ તાપમાન નલિયામાં ૧૦ ડિગ્રી નોંધાયું છે.

રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીનું જોર ઘટી રહ્યું છે. જેમાં રાજયમાં વહેલી સવારે અને રાત્રીના સમય ઠંડી અને બપોરના સમયે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે ૫ દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર નહીં થાય તેવી આગાહી કરી છે. જયારે રાજયમાં સિનોપ્ટિક સિચ્યુએશનમાં ઉત્તર પશ્ચિમી પવનો રાજયના નીચલા સ્તરમાં પ્રવર્તતી સ્થિતિ જોવા મળી રહી છે. આ દરમિયાન ૦૨-૦૩ ફેબ્રુઆરીના રોજ સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત મળીને કુલ ૭ જિલ્લામાં માવઠું પડવાની આગાહી છે.

હવામાન વિભાગ મુજબ, રાજયમાં આગામી ૦૨ ફેબ્રુઆરીએ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ કમોસમી હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. જયારે ૦૩ ફેબ્રુઆરીએ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર સહિત ઉત્તર ગુજરાતના અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ માવઠાની હવામાન વિભાગની આગાહી છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી લઘુતમ તાપમાન નલિયામાં ૧૦ ડિગ્રી નોંધાયું છે. જયારે અમદાવાદમાં ૧૪ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૧૭.૧ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૨.૨ ડિગ્રી, વડોદરામાં ૧૬.૨ ડિગ્રી, ભાવનગરમાં ૧૬.૭ ડિગ્રી, રાજકોટમાં ૧૪.૮ ડિગ્રી તાપમાન નોંધાયું.

આમ જોવા જાઈએતો રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીનું જોર ઘટી રહ્યું છે. જેમાં રાજયમાં વહેલી સવારે અને રાત્રીના સમયે ઠંડી અને બપોરના સમયે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે ૫ દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર નહીં થાય તેવી આગાહી કરી છે. જયારે રાજયમાં સિનોપ્ટિક સિચ્યુએશનમાં ઉત્તર પશ્ચિમી પવનો રાજયના નીચલા સ્તરમાં પ્રવર્તતી સ્થિતિ જોવા મળી રહી છે. આ દરમિયાન ૦૨-૦૩ ફેબ્રુઆરીના રોજ સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત મળીને કુલ ૭ જિલ્લામાં માવઠું પડવાની આગાહી છે.

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ, રાજયમાં આગામી ૦૨ ફેબ્રુઆરીએ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ કમોસમી હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. જયારે ૦૩ ફેબ્રુઆરીએ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર સહિત ઉત્તર ગુજરાતના અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ માવઠાની હવામાન વિભાગની આગાહી છે.

રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી લઘુતમ તાપમાન નલિયામાં ૧૦ ડિગ્રી નોંધાયું છે. જયારે અમદાવાદમાં ૧૪ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૧૭.૧ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૨.૨ ડિગ્રી, વડોદરામાં ૧૬.૨ ડિગ્રી, ભાવનગરમાં ૧૬.૭ ડિગ્રી, રાજકોટમાં ૧૪.૮ ડિગ્રી તાપમાન નોંધાયું.

# હાલારમાં સતત બીજા દિવસે વીજ ચેકિંગ, ૩૯.૭૦ લાખની વીજ ચોરી પકડાઈ

જામનગર,તા.૩૦

જામનગરશહેર તેમજ કલ્યાણપુર પંથકમાં વીજ તંત્ર દ્વારા પુનઃવીજ ચેકિંગની કામગીરી શરૂ કર્યા બાદ ગઈકાલે પણ અવિરત ચાલુ રાખવામાં આવી હતી, અને જોડિયાના ગ્રામ્ય વિસ્તાર તેમજ ખંભાળિયા પંથકના ગ્રામ્ય વિસ્તારમાં ચેકિંગ હાથ ધરી વધુ ૩૯.૭૦ લાખની વીજ ચોરી પકડી પાડવામાં આવી છે.

જામનગર પીજીવીસીએલ વર્તુળ કચેરીની ચેકિંગ ડ્રાઈવ દ્વારા સોમવારે જામનગર શહેર અને જામનગર તાલુકાના મોટા થાવરીયા, નાના થાવરીયા, જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર પંથકમાંથી ૪૪.૬૦ લાખની વીજ ચોરી પકડી પાડી હતી, જે કામગીરી ગઈકાલે મંગળવારે સતત બીજા દિવસે પણ અવિરત ચાલુ રાખવામાં આવી હતી.જામનગર જિલ્લાના જોડીયાના ગ્રામ્ય વિસ્તારો તેમજ ખંભાળિયા તાલુકાના વડતરા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું અને કુલ ૪૩ જેટલી વીજ ચેકિંગ ટુકડીને મેદાનમાં ઉતારવામાં આવી હતી, જેની મદદ માટે એસઆરપીના ૧૦ જવાનો, ૨૯ પોલીસ કર્મચારી તથા ત્રણ વિડિયોગ્રાફરને જોડવામાં આવ્યા હતા.

ગઈકાલે કુલ ૫૧૩ વીજ જોડાણ તપાસવામાં આવ્યા હતા. જેમાંથી ૯૦ વીજ જોડાણમાં ગેરરીતિ જોવા મળતાં આવા આસામીઓને કુલ રુ.૩૯.૭૦ લાખનાં વીજ ચોરીના પુરવણી બિલ આપવામાં આવ્યા હતા.

# મુન્દ્રામાં ACના કોમ્પ્રેસરમાં ધડાકાથી આગ ભભુકી ઉઠી

## આગ પર કાબૂ મેળવ્યા બાદ મકાનમાંથી ત્રણ સભ્યો દાઝેલી હાલતમાં મળ્યા: મહિલા ગંભીર

ભુજ,તા.૩૦

કચ્છના મુન્દ્રામાં એક મકાનમાં એ.સી.ના કમ્પ્રેસરમાં ધડાકો થતાં બાદ ઘરમાં આગ ભભુકી હતી. જેમાં પિતા-પુત્રી ઊંઘમાં જ બળીને ભડથું થઈ જતાં તેમના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે માતા ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે મુન્દ્રાની અદાણી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, મુન્દ્રાના બારોઈ રોડ ખાતે આવેલા સૂર્યનગરમાં રહેણાક મકાનમાં લાગેલા એસીના કોમ્પ્રેસરમાં કોઈ કારણોસર બ્લાસ્ટ થતા આગ ભભૂકી હતી. આગ લાગવાથી ઘરની અંદર ઊંઘી રહેલા એક જ પરિવારના ત્રણ સભ્યો ગંભીર રીતે દાઝી ગયા હતા.

મુન્દ્રા પોલીસમાંથી પ્રાપ્ત માહિતી મુજબ, આગની ઘટના સોમવારે પરોઢે પાંચ વાગ્યાના અરસામાં બની હતી. રહેણાક વિસ્તારમાં આગ લાગતા આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને તંત્રને જાણ કરી હતી. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને તુરંત ખાનગી કંપનીના ફાયર ફાયટરને બોલાવી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવામાં આવી હતી.

આગ પર કાબૂ મેળવ્યા બાદ મકાન અંદર તપાસ કરતા પરિવારના ત્રણ સભ્યો દાઝેલી હાલતમાં મળી આવ્યા હતા. જેમાં મુળ આંધ્રપ્રદેશના રવિ કુમાર રામેશ્વર રાય (ઉ.૪૧) અને તેમની પુત્રી જાનવી (ઉ.૨) બળીને ભડથું થઈ ગયાં હતાં.

જેમના મૃતદેહને સરકારી હોસ્પિટલમાં પીએમ માટે ખસેડવમાં આવ્યા છે. જ્યારે માતા કવિતાબેન ૭૦ ટકા બળી જતા તેમને સારવાર અર્થે મુન્દ્રાની અદાણી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાલ પોલીસે જાણવા જોગના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં કોલ્ડપ્લે કોન્સર્ટમાં જોરદાર મુક્કાબાજી, મારામારીનો વાયરલ વીડિયો

## કોન્સર્ટમાં બેન્ડના પ્રખ્યાત હિટ ગીત વિવા લા વિડા દરમિયાન પ્રેક્ષકોના બે સભ્યો એકબીજા સાથે અથડાયા ત્યારે અરાજકતા મચી ગઈ

અમદાવાદ,તા.૩૦

અમદાવાદમાં કોલ્ડપ્લે કોન્સર્ટમાં બેન્ડના પ્રખ્યાત હિટ ગીત વિવા લા વિડા દરમિયાન પ્રેક્ષકોના બે સભ્યો એકબીજા સાથે અથડાયા ત્યારે અરાજકતા મચી ગઈ. બંને વચ્ચે ઉગ્ર ઝપાઝપી થઈ. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો ઈન્સ્ટાગ્રામ પર ‘ઘર કે કલેશ’ એકાઉન્ટ દ્વારા શેર કરવામાં આવ્યો છે. આ ક્લિપમાં બે લોકો એકબીજાને મુક્કા મારતા જોવા મળે છે.

બંને એકબીજાને થપ્પડ મારતા અને એકબીજાને ખેંચતા જોવા મળે છે. આ દરમિયાન, કોન્સર્ટમાં હાજર લોકો તેમની વચ્ચેના ઝઘડાને ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ બધું ત્યારે બન્યું જ્યારે બેન્ડે સ્ટેજ પર તેમનું સૌથી હીટ સોંગ વગાડ્યું.

એક અહેવાલ મુજબ, વીડિયોમાં એક માણસ બીજા માણસનો હાથ કરડતો જોવા મળે છે જ્યારે ત્યાં હાજર લોકો બંનેને અલગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. થોડીક સેકન્ડો પછી, બીજી વ્યક્તિ ફરીથી આગળ આવે છે, ઝઘડો વધારે છે અને બીજી વ્યક્તિને ફરીથી થપ્પડ મારે છે.

કોલ્ડપ્લે બેન્ડનો અંતિમ કોન્સર્ટ રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાયો હતો. આ દરમિયાન, બેન્ડના મુખ્ય ગાયક ક્રિસ માર્ટિને ‘વંદે માતરમ’ અને ‘મા તુઝે સલામ’ જેવા દેશભક્તિ ગીતો ગાઈને ૭૬મા પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા પાઠવી. ક્રિકેટર જસપ્રીત બુમરાહ પણ આ કોન્સર્ટમાં હાજર રહ્યા હતા. ક્રિસ માર્ટિને બુમરાહ માટે એક ગીત પણ ગાયું હતું. ૨૫ અને ૨૬ જાન્યુઆરીના રોજ યોજાયેલા આ શો ક્રિસ માર્ટિનના ‘મ્યુઝિક ઓફ ધ સ્ફિયર્સ વર્લ્ડ ટૂર’ના અંતિમ કોન્સર્ટ હતા.

કોલ્ડપ્લેના અમદાવાદ કાર્યક્રમમાં કાર્તિક આર્યન, સુહાના ખાન, વિજય વર્મા અને ક્રિકેટ દિગ્ગજ સચિન તેંડુલકર સહિત અન્ય સેલિબ્રિટીઓએ હાજરી આપી હતી. બ્રિટિશ રોક બેન્ડમાં ગિટારવાદક જોની બકલેન્ડ, બાસિસ્ટ ગાય બેરીમેન, ડ્રમર વિલ ચેમ્પિયન અને મેનેજર ફિલ હાર્વેનો પણ સમાવેશ થાય છે. ક્રિસ માર્ટિને કાર્યક્રમમાં હાજર શ્રોતાઓને હિન્દીમાં સંબોધન કર્યું. તેમણે દેશના વિવિધ ભાગોમાંથી મોટી સંખ્યામાં આવવા બદલ લોકોનો આભાર પણ માન્યો.

# મહાકુંભમાં મૃતકોના પરિવારને ૨૫ લાખના વળતરની જાહેરાત

પ્રયાગરાજ, તા.૩૦

મહાકુંભના સંગમ નોઝ પર થયેલી ભાગદોડમાં ૩૦ શ્રદ્ધાળુઓના મોત થઈ ગયા છે. જ્યારે ૬૦ જેટલા લોકો ઘાયલ થઈ ગયા છે. આ વાતની જાણકારી મેળા પ્રશાસન તરફથી આપવામાં આવી છે. મંગળવાર-બુધવારની રાતે લગભગ ૨ વાગ્યે મહાકુંભમાં ભાગદોડ મચી ગઈ હતી. તેની ચપેટમાં કેટલાય શ્રદ્ધાળુઓ આવી ગયા હતા. મહાકુંભમાં થયેલી ભાગદોડમાં જીવ ગુમાવનારા પરિવારોને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૨૫-૨૫ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે. આ વળતર મૃતકોના પરિવારને આપવામાં આવશે. મહાકુંભના મેળામાં થયેલી ભાગદોડમાં ૩૦ લોકોના મોત થઈ ગયા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દુર્ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને ઘટનાની તપાસના આદેશ આપી દીધા છે. તેમણે આ દુર્ઘટનાની જવાબદારી લેવા અને મૃતકોના પરિવારને આર્થિક મદદ કરવાનું આશ્વાસન આપ્યું છે. મહાકુંભમાં થયેલી ભાગદોડ મામલે ડીઆઈજી વૈભવ કૃષ્ણાએ જણાવ્યું હતું કે મહાકુંભમાં રાતના ૧-૨ વાગ્યાની વચ્ચે ભાગદોડ થઈ હતી. જેમાં ૩૦ લોકોના મોત થઈ ગયા હતા. તેમાંથી ૨૫ લોકોની ઓળખ થઈ ચૂકી છે. જેમાંથી ૪ કર્ણાટક અને ૧ ગુજરાતના હતા. બાકીના ૫ની ઓળખ થઈ રહી છે. તેમણે કહ્યું કે, કોઈ વીઆઈપી પ્રોટોકોલ નહોતો અને ઘાયલો માટે હેલ્પલાઈન નંબર ૧૯૨૦ જાહેર કરવામાં આવ્યો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

તપસ્યા કરવાથી કોઈપણ વસ્તુ દૂર્લભ નથી રહેતી.

- બ્રહ્મપૂરાણ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.શહેરેવર-૧૩૯૪, મુ. રજ્જબ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, મહા સુદ-૧ ચંદ્રદર્શન, ગાંધી નિર્વાણ દિન, પંચક (સાંજે ૬:૩૬ ક.થી શરૂ) તા.૩૦ જાન્યુઆરી ૨૦૨૫, ગુરૂવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૨૯, ધનિષ્ઠા નક્ષત્ર, વ્યતિપાત યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૩૪, સૂ.અ.૬:૩૫ આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), સાંજે ૬:૩૪ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: કોઠોર પરિશ્રમ પછી કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
વૃષભ:નવિન ખરીદીના યોગ છે. આકસ્મીક પ્રવાસ થાય.
મિથુન:જૂની ઓળખાણથી લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.
કર્ક: મનમાં મૂંઝવણ અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
સિંહ: જીવસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે. આળસ અનુભવાય.
કન્યા: ઉતાવળે કોઈ નિર્ણય ન લેવો. ધીરજના ફળ મીઠા મળે.
તુલા: મનમાં કચવાટ રહે. નજીકના લોકો સાથે મનદુઃખ રહે.
વૃશ્ચિક:સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. આયોજન મુજબના કાર્યો પાર પડે.
ધન: આકસ્મીક ધન લાભ થાય. નવિન કાર્યમાં સફળતા મળે.
મકર: નોકરી-ધંધાને લગતા કાર્યમાં સફળતા મળે. અણધાર્યો ધન લાભ થાય.
કુંભ: ઉતાવળે કોઈ નિર્ણય ન લેવો હિતાવહ. ધીરજના ફળ મીઠા મળે.
મીન: નવિન આયોજન સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.

# કેન્દ્ર-રાજય સરકારના વિભાગોની પરવાનગી નહીં મળે ત્યાં સુધી વિશ્વામિત્રી પ્રોજેકટ શરૂ નહીં થાય

વડોદરા,તા.૩૦

વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં આવતા પૂરને રોકવા તજજ્ઞોની સમિતિએ મુખ્યમંત્રીને અહેવાલ રજૂ કર્યા બાદ કોર્પોરેશન દ્વારા ટેન્ડર પ્રક્રિયા થતાં ભાવ વધારાનું બહાનું કાઢી સિંચાઈની ટેન્ડર પ્રક્રિયા પ્રમાણે કોર્પોરેશન પણ ટેન્ડર બહાર પાડવાની મુખ્યમંત્રી કાર્યાલયથી સૂચના મળતા તે દિશામાં કામગીરી શરૂ થઈ છે. તેની સાથે-સાથે સરકારી વિભાગોની પરવાનગી આજ સુધી મળી નથી. જેથી વિશ્વામિત્રી પ્રોજેકટમાં હજુ વિલંબ થશે તેમ માનવામાં આવે છે.

વર્ષ ૨૦૦૮માં વિશ્વામિત્રી નદીમાં સફાઈ કરાઈ હતી. નદીના આ વખતે કોર્પોરેશને જે ટેન્ડર બહાર પાડ્યા છે તે મશીનરીનો ભાવ રૂ.૨૫૫૯ છે.

સિંચાઈ વિભાગે બહાર પાડેલા ટેન્ડર પ્રમાણે ખોદકામનો ક્યુબીક મીટરનો ભાવ નક્કી થશે જેથી નવી ટેન્ડર પ્રક્રિયા મુજબ રૂ.૬૫ થી ૭૦ કરોડ માટી કામના થશે. તાજેતરમાં વિશ્વામિત્રી પ્રોજેકટ માટે કોર્પોરેશનની ખાસ બેઠકમાં પ્રોજેકટને મંજરી આપવામાં આવી છે.

### પાંચ વર્ષ પછી કોંગોનો કેસ સામે આવ્યો

# જામનગરમાં કોંગો તાવથી પશુપાલક આધેડનું મોત

## પુણેની લેબોરેટરીમાં મોકલવામાં આવેલા સેમ્પલમાં કોંગો ફીવર પોઝિટિવ આવ્યો છે. જેના કારણે આરોગ્ય વિભાગે સતરકત દાખવી વિવિધ પગલા લેવાનું શરૂ કર્યું

જામનગર,તા.૩૦

જામનગરમાં પાંચ વર્ષ પછી ફરીથી કોંગો ફિવરે માથું ઊંચક્યું છે. અહીંના પંચેશ્વર ટાવર વિસ્તારમાં રહેતા ૫૧ વર્ષીય પશુપાલનનું કોંગો ફીવરથી મોત થયું છે.

જેના કારણે આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ હતી. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મોહનભાઈ નામના દર્દીને તાવની ફરિયાદ સાથે ૨૧ જાન્યુઆરીએ જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા..જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.

દરમિયાન પુણેની લેબોરેટરીમાં મોકલવામાં આવેલા સેમ્પલમાં કોંગો ફીવર પોઝિટિવ આવ્યો છે. જેના કારણે આરોગ્ય વિભાગે સતરકત દાખવી વિવિધ પગલા લેવાનું શરૂ કર્યુ છે.

આ કેસના પગલે જામનગર મહાનગરપાલિકા અને જેડી હોસ્પિટલની આરોગ્ય ટીમે સમગ્ર વિસ્તારમાં સર્વેલન્સ હાથ ધર્યું છે.

આરોગ્ય અધિકારીઓના જણાવ્યા મુજબ આ રોગ ચેપી કે વાયરલ નથી, તેથી નાગરિકોએ ગભરાવાની જરૂર નથી.જામનગર મેડિકલ કોલેજના એડીશનલ ડીન ડો. એસ.એસ. ચેટરજીએ સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં જામનગરમાં આ પહેલો કેસ સામે આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, કોંગો ફીવર પશુઓમાં રહેલી ઈતરડીથી માનવમાં ફેલાય છે. આ રોગ મુખ્યત્વે પશુપાલકોમાં જોવા મળે છે, જેમાં ગાય અને ભેંસના શરીર પરની ઈતરડી દ્વારા હનીમોરલ નામનો પરજીવી માનવશરીરમાં પ્રવેશે છે.


# HTAT મુખ્ય શિક્ષકની બદલી કેમ્પની કાર્યવાહી ચૂંટણીના પગલે સ્થગિત કરાઈ

### આદર્શ આચારસંહિતાના પગલે આગામી સૂચના ન મળે ત્યાં સુધી કાર્યવાહી સ્થગિત કરાઈ

અમદાવાદ, તા.૩૦

રાજ્યની સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા મુખ્ય શિક્ષકો માટે જિલ્લા ફેરબદલી કેમ્પનું આયોજન કરવા માટે આદેશ કરાયો હતો. ઓફલાઈન પદ્ધતિથી યોજાનારા આ કેમ્પમાં ભાગ લેવા માટે મુખ્ય શિક્ષકો પાસેથી અરજીઓ મંગાવવામાં આવ્યા બાદ ૭ જાન્યુઆરી સુધી અરજી સ્વીકારવામાં આવી હતી. જો કે, આ દરમ્યાન રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણીની જાહેરાત કરાતા આદર્શ આચારસંહિતા અમલમાં આવવાથી HT મુખ્ય શિક્ષકના જિલ્લા ફેર બદલી કેમ્પ અંગેની હાલ કાર્યરત કાર્યવાહી સ્થગિત રાખવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં કાર્યરત મુખ્ય શિક્ષકોના બદલીના નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલા છે. શિક્ષણ વિભાગ દ્વારા HTAT મુખ્ય શિક્ષકોના જિલ્લા ફેરબદલી કેમ્પનું વિગતવાર શિડ્યુઅલ જાહેર કરી અગ્રતાના ધોરણે કામગીરી પૂર્ણ કરવા માટે સૂચના આપી હતી. જેના પગલે રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં કાર્યરત મુખ્ય શિક્ષકોના વર્ષ ૨૦૨૪-૨૫ના જિલ્લા ફેર બદલી કેમ્પમાં મુખ્ય શિક્ષકની તમામ ખાલી જગ્યાઓ દર્શાવી ખાલી રહેલી જગ્યા પૈકીની ૭૫ ટકાની મર્યાદામાં જગ્યાઓ જિલ્લા ફેરબદલીથી ભરવા માટે સૂચના આપેલી હતી. મુખ્ય શિક્ષક દ્વારા જિલ્લા ફેર બદલી માટે અરજી કરવાની કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવ્યા બાદ ૭ જાન્યુઆરી સુધી અરજી કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૦ જાન્યુઆરીના રોજ મુખ્ય શિક્ષક દ્વારા કરેલી અરજીઓની ચકાસણી કરી માન્ય તથા અમાન્ય કરી જિલ્લા કક્ષાએ રજૂ કરવામાં આવી હતી. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા રજૂ કરેલી માન્ય તથા અમાન્ય અરજીઓની ચકાસણી કરી ૧૬ જાન્યુઆરીએ લેખિત કારણોસર અરજદારને જાણ કરવામાં આવી હતી. ૧૭ જાન્યુઆરીના રોજ મુખ્ય શિક્ષક દ્વારા કરેલી અરજીઓ તમામ આધાર પુરાવા સાથે મંજુર કરવાપાત્ર અરજીઓની જિલ્લાવાર યાદી તૈયાર કરી અસલ અરજી સંબંધિત જિલ્લાઓને રૂબરૂ આપવામાં આવી હતી. ત્યારબાદ સંબંધિત જિલ્લા-નગરને મળેલી અરજીઓની અગ્રતા-શ્રેયાનતા મુજબની યાદી જાહેર કરવામાં આવી હતી. જો કે, રાજ્યના ચૂંટણી આયોગ દ્વારા આદર્શ આચારસંહિતા અમલમાં આવતા તે મુજબ કાર્યવાહી કરવા સુચના અપાઈ હતી. જેના પગલે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા શિક્ષણ વિભાગની આગામી સુચના ન મળે ત્યાં સુધી HTAT મુખ્ય શિક્ષકના જિલ્લા ફેર બદલી કેમ્પ અંગેની હાલ કાર્યરત કાર્યવાહી સ્થગિત કરવા આદેશ કર્યો છે.

## ગુજરાતના નવા ચીફ સેક્રેટરી પદે હવે પંકજ જોષી બિરાજમાન થશે



અમદાવાદ, તા.૩૦

રાજ્યના ચીફ સેક્રેટરી રાજકુમારની નિવૃત્ત થઈ રહ્યા હોઈ સરકારે તેમના સ્થાને નવા ચીફ સેક્રેટરીની આખરે પસંદગી ફાઈનલ કરી દીધી છે. જેમાં હવે ગુજરાતના ચીફ સેક્રેટરી તરીકે પંકજ જોશીની નિમણૂક કરવામાં આવી છે. વર્તમાન ચીફ સેક્રેટરી રાજકુમાર ૩૧ જાન્યુઆરીએ નિવૃત્ત થયા બાદ પકંજ જોશી ચાર્જ લેશે. રાજ્યના મુખ્યમંત્રીના કાર્યાલયમાં હાલમાં એડિશનલ ચીફ સેક્રેટરી તરીકે કાર્યરત પંકજ જોશી ૩૧મી જાન્યુઆરીથી ચીફ સેક્રેટરી તરીકે ચાર્જ સંભાળશે. અગાઉ તેઓ મ્યુનિસિપલ કમિશનર, સેક્રેટરી, પ્રિન્સીપાલ સેક્રેટરી સહિતની પોસ્ટ ઉપર રહી ચૂક્યા છે. ચીફ સેક્રેટરી (CS) રાજકુમાર જાન્યુઆરીના અંતમાં નિવૃત થઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચીફ સેક્રેટરી પદેથી નિવૃત્ત થઈ રહેલ રાજકુમારને સરકાર દ્વારા કોઈ એક્ષટેન્શન આપવામાં આવેલ નથી. જેને લઈને ગુજરાતને વધુ એક નવા ચીફ સેક્રેટરી મળ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, IAS અધિકારી પંકજ જોષી કે જેઓ હાલ મુખ્યમંત્રી કાર્યાલયમાં કાર્યરત છે અને હવે ચીફ સેક્રેટરી તરીકે નિમણૂક કરવામાં આવી છે.પંકજ જોષીએ સિવિલ એન્જિનિયરિંગમાં બી.ટેક.ની પદવી મેળવી છે. IIT નવી દિલ્હીમાં એમ.ટેક. અને સંરક્ષણ તથા વ્યૂહાત્મક અભ્યાસમાં M.Phil સાથે તેઓ ઉત્તીર્ણ થયાં હતા. બાદમાં ગુજરાત સરકારના વરિષ્ઠ IAS અધિકારી તરીકે તેઓએ કાર્યભાર સંભાળ્યો હતો.

# કુલપતિઓની નિમણૂંક મુદ્દે રાજ્ય સરકારો સાથે કેન્દ્રનો ટકરાવ

અમદાવાદ તા.૩૦

ભારતનું બંધારણ એટલી સરસ રીતે રાજ્ય સરકારો અને કેન્દ્ર સકારના અધિકારોને વ્યાખ્યાયિત કરતું આવ્યું છે પરંતુ જ્યારે બંધારણીય નિર્દેશોમાં રાજકારણની ભેળસેળ કરાય છે ત્યારે તેમાં વિવાદ અને તણાવ સર્જાય છે. વર્તમાન કેન્દ્ર સરકાર સમયાંતરે એવા છમકલાં કરતી રહે છે કે જેના કારણે રાષ્ટ્રીય સ્તરે વિરોધ પક્ષની ભૂમિકામાં રહેલા પણ રાજ્ય સરકારમાં સત્તા પર રહેલા પક્ષો સાથે ભાજપના નેતૃત્વવાળી એનડીએની સરકાર સાથે ઘર્ષણ થયા કરે છે. આવા વિવાદોમાં જાણે મજા આવતી હોય એમ કેન્દ્ર સરકાર વિવિધ મોરચે ઢીલી નીતિઓ અપનાવી વિવાદને વકરવા દે છે. આ કડીમાં વધુ એક ઉમેરો કુલપતિઓની નિમણૂક મુદ્દે લવાયેલા વિધેયકો દ્વારા કરાયો છે. વાઈસ ચાન્સેલરની નિમણૂકને લઈને ઘણી રાજ્ય સરકારો અને રાજ્યપાલો વચ્ચે પહેલાથી જ તણાવ ચાલી રહ્યો છે. હવે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના નવા ડ્રાફ્ટ ઉપર વિવાદ શરૂ થયો છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ નવા નિયમોનો બચાવ કરતા કહ્યું કે તે નિમણૂકની અગાઉની બધી પ્રક્રિયાઓનું પાલન કરે છે. પરંતુ આશ્ચર્યજનક વાત એ છે કે કુલપતિઓની પસંદગી અને નિમણૂક અંગે નવો મુસદ્દો તૈયાર કરતા પહેલા રાજ્યોને વિશ્વાસમાં લેવામાં આવ્યા ન હતા. પરિણામ એ આવ્યું કે બિન-ભાજપ શાસિત રાજ્યોએ તો વાંધો ઉઠાવ્યો પરંતુ ભાજપના જ નેતૃત્વવાળા NDAમાં પણ સમસ્યા પેદા થઈ. NDAના મુખ્ય ઘટક પક્ષોએ કહ્યું છે કે આનાથી રાજ્ય સરકારો નિરાશ થશે. આ અંગે સંસદમાં ચર્ચા થવી જોઈએ. હકીકતમાં, રાજ્યોનો વાંધો એ છે કે નવો મુસદ્દો બંધારણમાં સમાવિષ્ટ સંઘીય સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરશે. તમિલનાડુએ તેને તાત્કાલિક પાછું ખેંચવાની વિનંતી કરી છે. જ્યારે NDAની અંદર પણ એવો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે કે આ નિમણૂકોમાં ચૂંટાયેલી સરકારોની ભૂમિકા મર્યાદિત રહેશે. આ જ કારણ છે કે કેટલાક રાજ્યોએ રાજ્યપાલોને ચાન્સેલર પદથી દૂર કરવા માટે બિલ પસાર કર્યા છે. જો કે એ અલગ બાબત છે કે રાજ્યપાલોએ આ વિધેયકોને મંજૂરી આપી ન હતી. એ વાત સર્વવિદિત છે કે કુલપતિ એટલે કે રાજ્યપાલ રાજ્ય સરકારની સલાહથી અંતિમ પસંદગી કરતા આવ્યા છે. પરંતુ હવે તે પોતાની પસંદગીની નિમણૂકો કરી રહ્યા હોય તેવું લાગે છે. આ બાબતે ઘણીવાર વિવાદો પણ થાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે નવા નિયમો અનુસાર, યુનિવર્સિટીઓને દૂરંદેશી અને નેતૃત્વ સક્ષમ કુલપતિઓ મળશે, પરંતુ બીજી તરફ, દસ વર્ષના શિક્ષણની આવશ્યક લાયકાતને નાબૂદ કરવામાં આવી છે. તેનો અર્થ એ કે બિન-શૈક્ષણિક ક્ષેત્રના લોકો વાઈસ ચાન્સેલર બનશે. એટલે કે યુનિવર્સિટીઓ રાજકીય લોકોનો અખાડો પણ બની શકે. સ્વાભાવિક છે કે, આનાથી શિક્ષણની ગુણવત્તા ઉપર સંભવિત ખરાબ અસર પડશે. કુલપતિની પસંદગીમાં કમિશનના પ્રતિનિધિની પણ ભૂમિકા રહેશે. આવી સ્થિતિમાં ચૂંટાયેલી રાજ્ય સરકારની સલાહ અને તેમના દ્વારા મોકલવામાં આવેલા નામોનું શું મહત્ત્વ રહેશે ? હાલમાં ચર્ચા પછી, કેન્દ્રએ બધા સૂચનો ઉપર વિચાર કરવો પડશે. જે રીતે કેરળે વિરોધમાં ઠરાવ પસાર કર્યો છે તેનાથી રાજ્યો અને કેન્દ્ર વચ્ચે સંઘર્ષ વધવાની શક્યતા છે.

# શિક્ષકોની બદલીના નવા નિયમોમાં ફેરફારની શૈક્ષણિક સંગઠનોની માંગણી

અમદાવાદ, તા.૩૦

ગુજરાત રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોની બદલી બાબતે બદલીના નિયમો જાહેર થયેલા છે. જુના નિયમ હટાવી નવા નિયમ બનાવવામાં આવે તેમાં સંગઠન સાથે કોઈ પરામર્શ કરવામાં આવેલું નથી. ગુજરાત રાજ્યના સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોએ સરકારના સીધા કર્મચારી છે. અન્ય સંવર્ગના શિક્ષકોના બદલી સહિતના નિયમો બનાવતી વખતે જો માન્ય સંગઠનને સાથે રાખી સૂચન લેવામાં આવતા હોય તો સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના માન્ય સંગઠનને પણ સાથે રાખી સૂચન લઈ નિયમ બનાવવા જોઈએ તેવો સંગઠનનો મત છે. નવા નિયમોમાં પોઈન્ટ આધારિત અને વિદ્યાર્થી સંખ્યા અને પરિણામ આધારિત છે. સમગ્ર ગુજરાતની કોઈપણ કેડરમાં બદલીના નિયમો જોવામાં આવે તો તે સિનિયોરિટીને આધારે હોય છે. વર્તમાનમાં ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના જુના શિક્ષકની ભરતીની પ્રક્રિયામાં પણ સિનિયોરિટી આધારિત બદલી જેવા લાભ આપવા પ્રયત્ન થયો છે. વિવિધ જિલ્લા એકમની રજૂઆતને આધારે અગાઉ પણ લેખિત રજૂઆત કરવામાં આવેલી છે. પોઈન્ટ આધારિત સિનિયોરીટી લિસ્ટ બનાવી તેમની તાલુકા આંતરિક બદલી કેમ્પ કરવાની પ્રક્રિયા હાલ પૂર્ણ થયેલી છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની વારંવાર રજૂઆત તથા જિલ્લા દીઠ વાંધો લેવા છતાં બદલી કેમ્પો કરવામાં આવ્યા હતા. જેથી ગુજરાત ભરના મોટી સંખ્યામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના શિક્ષકોમાં આ અંગે નારાજગી પ્રવર્તી છે. યોગ્ય ન્યાય મળે તે માટે સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી ૨૫૦ જેટલા શિક્ષકો ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રીને રૂબરૂ મુલાકાત કરી રજૂઆત કરશે.

## દિલ્હી હાઈકોર્ટે CAG રિપોર્ટ રજૂ કરવા માટે ખાસ વિધાનસભા સત્ર બોલાવવાનો આદેશ આપવાનો ઈન્કાર કર્યો

નવી દિલ્હી, તા.૩૦

દિલ્હી હાઈકોર્ટે તાજેતરમાં દિલ્હી વિધાનસભાને કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (CAG) રિપોર્ટ રજૂ કરવા માટે ખાસ સત્ર બોલાવવાનો નિર્દેશ આપવાનો ઈનકાર કર્યો હતો. જસ્ટિસ દત્તાએ કહ્યું કે, અહેવાલ રજૂ કરવા માટે ખાસ સત્ર બોલાવવા માટેની અરજી સ્વીકારવા કોર્ટ તૈયાર નથી. જો કે, જસ્ટિસ સચિન દત્તાની આગેવાની હેઠળની બેન્ચે દિલ્હી સરકાર દ્વારા રિપોર્ટ રજૂ કરવામાં વિલંબની નોંધ લીધી. કોર્ટે કહ્યું કે CAG રિપોર્ટ રજૂ કરવો બંધારણ હેઠળ ફરજિયાત છે પરંતુ વિધાનસભા બોલાવવા માટે ન્યાયિક આદેશ પસાર કરવાનો ઈનકાર કર્યો હતો. ગયા વર્ષે વિપક્ષી નેતા વિજેન્દ્ર ગુપ્તા અને ભાજપના ધારાસભ્યો મોહન સિંહ બિષ્ટ, ઓમ પ્રકાશ શર્મા, અજય કુમાર મહાવર, અભય વર્મા, અનિલ કુમાર બાજપાઈ અને જીતેન્દ્ર મહાજન દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી હતી. વકીલો નીરજ અને સત્ય રંજન સ્વૈને અરજદારોનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ સુનાવણી દરમ્યાન દિલ્હી સરકાર અને વિધાનસભા અધ્યક્ષે અરજીનો વિરોધ કર્યો, અને એવી દલીલ કરી કે ચૂંટણી પહેલાં અહેવાલો રજૂ કરવાની કોઈ તાકીદ નથી, કારણ કે વિધાનસભાનો કાર્યકાળ ફેબ્રુઆરીમાં સમાપ્ત થશે. વિધાનસભા સચિવાલયે કહ્યું કે આ તબક્કે અહેવાલો રજૂ કરવાથી કોઈ ઉપયોગી હેતુ પૂર્ણ થશે નહીં અને આવા મુદ્દાઓ વિધાનસભાની આંતરિક કામગીરીમાં આવે છે. આ અગાઉ, ૧૩ જાન્યુઆરીના રોજ યોજાયેલી સુનાવણી દરમ્યાન કોર્ટે કહ્યું હતું કે CAG અહેવાલો ચર્ચા માટે વિધાનસભા સમક્ષ તાત્કાલિક રજૂ કરવાની જરૂર હતી અને રાજ્ય સરકારે આ મુદ્દા પર વિલંબ કરીને તેની સત્યત ઉપર શંકા ઉભી કરી હતી. જોકે, કોર્ટે તમામ પક્ષોની દલીલો સાંભળ્યા પછી પોતાનો અંતિમ આદેશ અનામત રાખ્યો હતો.

# ૨થી ૮ ફેબ્રુઆરી સુધી કોંગ્રેસનો 'સ્વતંત્રતા સંગ્રામથી સંવિધાન' સપ્તાહ કાર્યક્રમ યોજાશે

અમદાવાદ,તા.૩૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા રાજ્યમાં તા. ૨ થી ૮ મી ફેબ્રુઆરી સુધી આયોજિત "સ્વતંત્રતા સંગ્રામથી સંવિધાન" સપ્તાહ કાર્યક્રમ અંગે માહિતી આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીના મુલ્યોનું અપમાન, ડૉ. બાબાસાહેબના અપમાન સામે અને સંવિધાન બચાવો અન્વયે "જય બાપુ, જય ભીમ, જય સંવિધાન" ના નારા સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા ગુજરાતના ૨૪૩ તાલુકામાં અભિયાન શરૂ થશે. "જય બાપુ, જય ભીમ, જય સંવિધાન" ગુજરાતના તમામ તાલુકામાં તા. ૨ થી ૮ ફેબ્રુઆરીથી વ્યાપક કાર્યક્રમની કોંગ્રેસ પક્ષ દ્વારા યોજાશે. ગુજરાત કોંગ્રેસ દ્વારા તા. ૨ થી ૮ ફેબ્રુઆરી દરમ્યાન સ્વતંત્રતા સંગ્રામથી સંવિધાન સપ્તાહ યોજાશે. જેમાં કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનોને તાલુકા દીઠ જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાત કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ અને ટીમ કોંગ્રેસ દ્વારા "જય બાપુ, જય ભીમ, જય સંવિધાન" કાર્યક્રમ થી વધુમાં વધુ લોકો સુધી પહોંચવા સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) સહિત નબળા વર્ગના બંધારણીય હક્ક-અધિકાર પર ભાજપ સરકાર દ્વારા થઈ રહેલા સતત હુમલાએ ભારત રાષ્ટ્ર માટે ચિંતાનો વિષય છે. શિક્ષણનું ખાનગીકરણ, બેરોજગારીની વ્યાપક સમસ્યા, વધતી જતી અસમાનતા, શિક્ષણ સંસ્થાઓ ઉપર હુમલા બંધારણીય સંસ્થાઓને ખોખલી કરી નાખવાના સતત પ્રયાસો, દેશની ધરોહર ઉપર કુઠારઘાત સમાન છે. ઊદ્યોગગૃહો-મુડીપતિઓના ૧૭ લાખ કરોડના દેવા માફ, બીજીબાજુ ગરીબ- સામાન્ય-મધ્યમવર્ગ પાસેથી બેફામ ટેક્ષ વસૂલાત "ટેક્ષ ટેરીરીઝમ" ના લીધે ગરીબ, સામાન્ય, મધ્યમવર્ગ ભારે આર્થિક પરેશાનીનો સામનો કરી રહ્યાં છે. ત્યારે, દેશ હિતમાં ગુજરાતના નાગરિકો જાગૃત બને તેવી અપીલ છે. ઉલ્લેખનીય છે કે, અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાત સંગઠન પ્રભારી મુકુલ વાસનીક તા.૨૫ જાન્યુઆરીના રોજ ગુજરાતની મુલાકાતે આવશે.

# હૈદરાબાદમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ કૌભાંડ : ૮ દલાલોની ધરપકડ

### તપાસમાં જાણવા મળ્યું કે હોસ્પિટલ દરેક કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે આશરે ૫૦ લાખ રૂપિયા વસૂલતી હતી, કથિત રીતે તમિલનાડુના ગરીબ વ્યક્તિઓને તેમની કિડની દાન કરવા માટે લક્ષ્ય બનાવી રહી હતી

હૈદરાબાદ, તા.૩૦

પોલીસ તપાસ બાદ પ્રકાશમાં આવ્યું છે કે, શહેર પોલીસે હૈદરાબાદના સરૂર નગરમાં અલકનંદા હોસ્પિટલમાં ગેરકાયદેસર રીતે કિડની રેકેટ ચલાવતા ૮ વ્યક્તિઓની ઓળખ કરી છે. યોગ્ય પરવાનગી વિના કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી રહી હોવાની માહિતી મળ્યા બાદ અધિકારીઓએ હોસ્પિટલ ઉપર દરોડા પાડ્યા હતા. દરોડામાં, અધિકારીઓને જાણવા મળ્યું કે હોસ્પિટલ, જે ફક્ત છ મહિનાથી કાર્યરત હતી અને નાની બીમારીઓની સારવાર માટે લાઈસન્સ ધરાવતી હતી, તે અનધિકૃત કિડની સર્જરીમાં સામેલ હતી. તપાસમાં જાણવા મળ્યું કે હોસ્પિટલ દરેક કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે આશરે ૫૦ લાખ રૂપિયા વસૂલતી હતી, કથિત રીતે તમિલનાડુના ગરીબ વ્યક્તિઓને તેમની કિડની દાન કરવા માટે લક્ષ્ય બનાવી રહી હતી. અહેવાલ મુજબ, આ દાતાઓને લગભગ ૪ લાખ રૂપિયાનું વચન આપવામાં આવ્યું હતું પરંતુ ઘણીવાર તેમને ચૂકવણી કરવામાં આવતી નહોતી. હૈદરાબાદમાં આરોગ્ય અને પોલીસ અધિકારીઓએ હોસ્પિટલને સીલ કરી દીધી. પોલીસના જણાવ્યા અનુસાર, હોસ્પિટલનું ઉદ્‌ઘાટન ફક્ત છ મહિના પહેલા જ થયું હતું અને તેને બે ડોકટરો દ્વારા નાની સર્જરી કરવાની પરવાનગી આપવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે બે કિડની મેળવનારાઓને કોઈ પણ પ્રકારની સ્વાસ્થ્ય સમસ્યાઓ ન થાય તે માટે, તેમને ગાંધી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સહાયક પોલીસ કમિશનર (સરૂરનગર) કૃષ્ણૈયા અને રંગારેડ્ડી જિલ્લા તબીબી અને આરોગ્ય અધિકારી બી વેંકટેશ્વર રાવે અન્ય અધિકારીઓ સાથે દરોડા પાડ્યા હતા. હૈદરાબાદની ખાનગી હોસ્પિટલના એમડી સુમંત ચારી અને સ્ટાફના અન્ય સભ્યોની ધરપકડ કરવામાં આવી હતી. ડીએમ અને એચઓ વેંકટેશ્વર રાવના જણાવ્યાં અનુસાર, અલકનંદા નવ પથારીવાળી સુવિધા છે. દરમિયાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી દામોદર રાજા નરસિંહાએ કિડની રેકેટનો પર્દાફાશ થયા બાદ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. મંત્રીએ હોસ્પિટલોમાં તપાસ માટે રચાયેલી ટાસ્ક ફોર્સને અસરકારક રીતે કામ કરવા જણાવ્યું હતું.

# 'ઈમરજન્સી' ફિલ્મના સ્ક્રીનિંગમાં અવરોધો ઉપર યુકે કડક પગલાં લેશે તેવી અપેક્ષા : ભારત




(એજન્સી) તા.૩૦

ભારતે યુકેમાં અભિનેત્રી અને ભાજપ સાંસદ કંગના રનૌત અભિનીત 'ઈમરજન્સી' ફિલ્મના સ્ક્રીનિંગમાં અવરોધ ઊભો કરનારા ખાલિસ્તાની સમર્થક જૂથોની ટીકા કરી અને કહ્યું કે વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પસંદગીયુક્ત રીતે લાગુ કરી શકાતી નથી. ભારતે કહ્યું છે કે યુકેમાં મૂવી થિયેટરોમાં ઘૂસીને 'ઈમજરન્સી' ફિલ્મના પ્રદર્શનમાં વિક્ષેપ પાડનારા ખાલિસ્તાની સમર્થક ઉગ્રવાદીઓને જવાબદાર ઠેરવવા જોઈએ. વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પસંદગીયુક્ત રીતે લાગુ કરી શકાતી નથી અને નવી દિલ્હીએ આશા વ્યકત કરી કે લંડન ગુનેગારો સામે યોગ્ય પગલાં લેશે. આ રાજકીય ફિલ્મમાં અભિનેત્રી અને ભાજપ સાંસદ કંગના રનૌત ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની ભૂમિકા ભજવી રહી છે, તે ૧૯૭૫થી ૧૯૭૭ સુધીના ૨૧ મહિનાના કટોકટી ઉપર કેન્દ્રિત છે. આ ફિલ્મ શીખ સમુદાયને ખોટી રીતે રજૂ કરતી હોવાના આરોપોને કારણે વિવાદમાં આવી હતી. વિદેશ મંત્રાલય (MEA)ના પ્રવક્તા રણધીર જયસ્વાલે સાપ્તાહિક પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, અમે ઘણા હોલમાં પ્રદર્શિત થઈ રહેલી ફિલ્મ 'ઈમરજન્સી'ને કેવી રીતે અવરોધવામાં આવી રહી છે તેના ઘણા અહેવાલો પણ જોયા છે. અમે વિરોધ મર્યાદાઓ દ્વારા હિંસક વિરોધ પ્રદર્શનો અને ધાકધમકી અંગે અમે યુકે સરકાર સમક્ષ સતત ચિંતા વ્યક્ત કરીએ છીએ. વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો ઉપયોગ પસંદગી યુક્ત રીતે કરી શકાતો નથી અને તેને અવરોધનારાઓને જવાબદાર ઠેરવવા જોઈએ. અમને આશા છે કે યુકે પક્ષ જવાબદાર લોકો સામે યોગ્ય પગલાં લેશે. અમારૂં મિશન એ છે કે લંડનમાં અમારૂં હાઈ કમિશન સંપર્કમાં રહે અને તે અમારા સમુદાયના સભ્યો સાથે તેમની સલામતી અને કલ્યાણ માટે નિયમિત સંપર્કમાં રહે. ખાલિસ્તાની સમર્થક વિરોધીએ રનૌતની 'ઈમરજન્સી' ફિલ્મ વિરૂદ્ધ વિરોધ પ્રદર્શનોનું આયોજન કર્યું છે જેના કારણે યુકેમાં કેટલાક સિનેમાઘરોમાં ફિલ્મના શરૂઆતના સપ્તાહના અંતે તેનું પ્રદર્શન રોકાઈ ગયું હતું. આ સમુદાય 'ઈમરજન્સી' ફિલ્મના સ્ક્રીનિંગમાં અવરોધો ઉપર યુકે કડક પગલાં લેશે તેવી અપેક્ષા : ભારત સંગઠન ઈનસાઈટ યુકેએ તેના X પ્લેટફોર્મ ઉપર એક વિડિઓ પોસ્ટ કર્યો, જેમાં વિરોધીઓ ઉત્તરપશ્ચિમ લંડનના હેરોમાં એક સિનેમાઘરમાં રનૌત દ્વારા દિગ્દર્શિત ફિલ્મના પ્રદર્શનમાં વિક્ષેપ પાડતા દેખાય છે. રાનૌતે હાલમં સોશિયલ મીડિયા ઉપર એક વીડિયો શેર કર્યો જેમાં બ્રિટિશ સાંસદ બોબ બ્લેકમેને 'ઈમરજન્સી'ના સમર્થનમાં વાત કરી અને તેના પ્રદર્શનના અધિકારનો બચાવ કર્યો. તેણીએ બ્લેકમેનની પ્રશંસા કરી અને ભારતીય રાજકારણીઓ અને નારીવાદીઓ તરફથી સમર્થનના અભાવ ઉપર પ્રશ્ન ઉઠાવ્યો હતો. એક ક્લિપમાં બ્લેકમેને કહ્યું કે માસ્ક પહેરેલા ખાલિસ્તાની આતંકવાદીઓએ સમગ્ર યુકેમાં પ્રદર્શનમાં વિક્ષેપ પાડ્યો. તેમણે કહ્યું કે યુકેના અન્ય વિસ્તારોમાં પણ આવી જ પ્રવૃત્તિઓ થઈ હતી જેના કારણે સિનેમા માલિકોને ફિલ્મને દૂર કરવાની ફરજ પડી હતી. આ એક ખૂબ જ વિવાદાસ્પદ ફિલ્મ છે. હું ફિલ્મની સામગ્રી કે ગુણવત્તા ઉપર કોઈ ટિપ્પણી કરવા માંગતો નથી, પરંતુ હું અન્ય લોકોના ફિલ્મ જોવાના અધિકારનો બચાવ કરૂં છું. ભારતમાં, વિવિધ શીખ સંસ્થાઓ રાજકીય ફિલ્મની રિલીઝ સામે વિરોધ કરી રહી છે કારણ કે તેઓએ દાવો કર્યો હતો કે ફિલ્મ ભારતીય ઈતિહાસના વિવાદાસ્પદ સમયગાળાની આસપાસના તથ્યોને વિકૃત કરે છે. પંજાબમાં આ ફિલ્મ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રાનૌતે સોશિયલ મીડિયા ઉપર એક વીડિયો શેર કર્યો હતો જેમાં તેણીએ પંજાબ અને વિદેશમાં કેટલાક શીખોમાં ફિલ્મના સ્વાગત અંગે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી અને નિરાશા પણ વ્યક્ત કરી હતી. તેણીએ કહ્યું હતું કે તેણીને "દુઃખ" થયું હતું કે તેણીની ફિલ્મ પંજાબમાં રિલીઝ ન થઈ, આ એક એવું રાજ્ય છે જ્યાં તેણીની ફિલ્મોએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. 'ઈમરજન્સી' ફિલ્મ ૧૭ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી, તેમાં શ્રેયસ તલપડે, અનુપમ ખેર અને મિલિંદ સોમન, મુખ્ય ભૂમિકાઓમાં છે. ફિલ્મ નિર્માતાઓએ 'ઈમરજન્સી' માટે બોક્સ ઓફિસ ઉપર પ્રભાવશાળી શરૂઆતનો દાવો કર્યો છે, અને અહેવાલ મુજબ ફિલ્મનું પ્રથમ સપ્તાહમાં ૧૨.૨૬ કરોડ રૂપિયાનું કલેક્શન થયું છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. કોમર્સ એન્ડ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવનનાં વિદ્યાર્થીઓએ શૈક્ષણિક કારકિર્દી ઘડત્તર માટે મુંદ્રા ઔદ્યોગિક ઝોનનો કર્યો બે દિવસીય પ્રવાસ

## શૈક્ષણિક માર્ગદર્શક પ્રવાસોથી વિદ્યાર્થીઓમાં કારકિર્દી ઘડતરનું થાય છે પથ નિરૂપણ- પ્રો.(ડો.) અતુલભાઈ બાપોદરા




જૂનાગઢ, તા.૩૦

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કોમર્સ અને મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટનાં અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી ૫૪ જેટલા વિદ્યાર્થીઓએ કચ્છ જિલ્લાનાં મુંદ્રાસહિત વિવિધ ઔદ્યોગિક એકમોની મુલાકાત લીધી હતી.

યુનિ.ના કુલપતિ પ્રોફે.(ડો.) અતુલભાઈ બાપોદરાએ શુભેચ્છા સંદેશમાં જણાવ્યુ હતુ કે ઔદ્યોગિક એકમો, પાવરપ્લાન્ટ, સોલાર ક્ષેત્રે કાર્યકરતી ઈન્ડસ્ટ્રીઝ અને બંદરનાં શૈક્ષણિક માર્ગદર્શક ઔદ્યોગિક પ્રકલ્પોની મુલાકાત સભર પ્રવાસો થકી છાત્રોને કારકિર્દી ઘડત્તરમાં નવિ પ્રેરણા હાંસલ થતાં તેમનાં જીવનની કાર્યફલકની દીશાનું પથ નિરુપણ થવાનું બળ હાંસલ થાય છે.

ઔદ્યોગિક ગૃહોની છાત્ર મુલાકાત પ્રવાસ અંગે વાત કરતા કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગનાં વડા પ્રો. ભાવસીંહ ડોડીયાએ જણાવ્યુ હતુ કે વિદ્યાર્થિઓને શિક્ષણ સાથે સાથે અન્ય પ્રવૃતિઓમાં પણ પ્રવૃત રાખવા જરૂરી છે. કારણ કે, શિક્ષણ સાથે કૌશલ્યનો વિકાસ થાય, પોતાનાં અભ્યાસકીય પ્રકલ્પોની જાતજાણકારી મેળવી શકે તે પણ જરૂરી છે. 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦' અંતર્ગત વિદ્યાર્થીઓને ઐતિહાસિક, સાંસ્કૃતિક, ઉદ્યોગગૃહો, બંદરોસહિત,પ્રવાસનની દ્રષ્ટીએ મહત્વના સ્થળોની મુલાકાત લે તે માટે ખાસ ભાર મુકવામાં આવે છે. જે અંતર્ગત યુનિ.નાં અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિષયે કારકિર્દી ધડવા ઈચ્છુક યુવાઓએ મુંદ્રા બંદર, અદાણી પાવર લીમીટેડ, અદાણી વીલમર લીમીટેડ, અદાણી સોલાર લીમીટેડ ખાતે બે દિવસીય શૈક્ષણીક શૈક્ષણીક પ્રવાસ કર્યો હતો. પ્રવાસનાં સંકલનકાર અને યુનિ.નાં આસીસ્ટંટ પ્રાધ્યાપક ડો. વિનીતકુમાર જે. વર્માએ છાત્ર પ્રવાસ અંગે વિગતો આપતા જણાવ્યુ હતુ કે ઔદ્યોગિક ક્ષેત્રે રોજગારીની તકોનું નીર્માણ, રાષ્ટ્રનો સંતુલિત આર્થિક વિકાસદર, આર્થિક સત્તાનું કેન્દ્રીકરણનું નિરાકરણ, સહિત ઔદ્યોગિક વિકાસનાં આયામોની જાણકારી વિદ્યાર્થીઓએ મેળવી હતી., લોખંડ અને પોલાદ, કોલસા, વિમાન બનાવતા ઔદ્યોગિક એકમો, વહાણવટા-ઉદ્યોગ, તાર તથા સંદેશાવ્યવહાર,કાપડ, સિમેન્ટ, ખાંડ, કાગળ, ન્યૂઝપ્રિન્ટ, ખાતર, દવા, ટ્રેક્ટર જેવાં ખેતીનાં સાધનો, ભારે રસાયણો, વીજળી, ખનિજો, હવાઈ તથા જળમાર્ગ જેવા ક્ષેત્રોમાં સાતત્યપૂર્ણ ઔદ્યોગિક વિકાસ અને ઉચ્ચ,તર આંતરમાળખાકીય સુવિધા તેમજ શાંતિપૂર્વકના ઔદ્યોગિક વાતાવરણને કારણે ગુજરાત રાજય સમગ્રદેશમાં મૂડીરોકાણ ક્ષેત્રે મોખરાનું સ્થાકન ધરાવતા લઘુ અને મધ્ય મ ઉદ્યોગોની સાથે સાથે વિશાળ ઔદ્યોગિક પ્રોજેક્ટો પણ કેવી રીતે સહાયરૂપ નિવડે તે અંગે જાણકારી હાંસલ કરવામાં વિદ્યાર્થીઓને પ્રવાસ ઉપયોગી બન્યો છે. મુંદ્રા પોર્ટની મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓએ બંદરો માનવશ્રમને માટે રોજગારીની તકોનું કેવી રીતે સર્જન કરે છે તે જાણ્યુ, સાથે સાથે બંદરોના વિકાસને કારણે શહેરી વસાહતોનો વિકાસ,બંદરોના વિકાસની સાથે શિપિંગ કંપનીઓ, વીમા કંપનીઓ, શરાફો, દલાલો, આયાત-નિકાસ કરતા એજન્ટો જેવી આનુષંગિક સેવાઓનો પણ વિકાસ,બંદરોને કારણે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રાષ્ટ્રીય આવકમાં વધારો,, જેને લીધે લોકોની માથાદીઠ આવકનું પ્રમાણ વધવાથી લોકોનાં જીવનધોરણમાં સુધારો થવા અંગે જાત જાણકારી મેળવી હતી. સાથ સાથે બંદરોની આસપાસના વિસ્તારોમાં ઔધોગિક વિકાસની સંભાવનાઓ બળવત્તર બનવી, બંદરોના વિકાસને કારણે પીઠપ્રદેશ (હિન્ટરલેન્ડ)નો વિકાસ પણ શક્ય બનવો, નાનાં અને મધ્યમ કક્ષાનાં બંદરો થી આંતરિક અને સ્થાનિક વ્યાપારને પણ કિફાયતી જળમાર્ગ પૂરો પાડવા, મત્સ્યોદ્યોગ અને તેને આધારિત અન્ય વ્યાપાર-ઉધોગોનો વિકાસ થવો, સંસ્કૃતિનું આદાન-પ્રદાન કરવામાં પણ બંદરો મહત્ત્વનો ભાગ ભજવવા સહીતની અને વિભાવનાઓની તલસ્પર્શી જાણકારી મેળવી હતી. આ જ રીતે સોલાર ક્ષેત્રે રાષ્ટ્રની ઉર્જા ખપતમાં પુનઃપ્રાપ્ય ઉર્જાનાં ઉત્પાદનમાં થતી વિકાસ અંગે સોલાર પ્રોજેક્ટની મુલાકાત, ફોર્ચુન ઓઈલ અને તેની માર્કેટ બાબતે પણ વિગતે માહિતી મેળવી અભ્યાસલક્ષી બાબતોનું પ્રેક્ટીકલી જ્ઞાન આ પ્રવાસ થકી હાંસલ થયુ છે. પ્રવાસનાં કો-ઓર્ડીનેટર ડો. દિનેશકુમાર આર. ચાવડાએ વિદ્યાર્થીઓને ઉદ્યોગ પ્રકલ્પો અને કોમર્સ એન્ઠ મેનેજમેન્ટ વિષયે તુલનાત્મક સમજણ પુરી પાડી હતી. આ પ્રવાસમાં મુંદ્રા ઝોનથી મનોહર ગોયલે સહયોગ પુરો પાડ્યો હતો.

# વેરાવળ એનએસએસ વિભાગ અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૩૦

૧૭ માં પદવીદાન સમારંભના ઉપલક્ષમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ NSS વિભાગ અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગીર સોમનાથના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં NSSના સ્વયંસેવકો, અધિકારીઓ અધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને અન્ય લોકો દ્વારા ૩૦ બોટલ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું. આ બ્લડ ડોનેશન કેમ્પના સંયોજક તરીકે NSS પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર અને પ્રોગ્રામ ઓફિસર ડો. જયેશકુમાર ડી.મુંગરાએ કામગીરી કરેલ હતી. આ કેમ્પને સફળ બનાવવામા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગીર સોમનાથના સભ્યોનો સહકાર પ્રાપ્ત થયેલ છે.

# બાયોફ્યુઅલ સર્કલે ગુજરાતમાં સક્ષમ બાયોમાસ એકત્રીકરણ પ્રેરિત કરવા માટે ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તાર્યું





(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩૦

બાયોએનર્જી સપ્લાય ચેઈન માટે ભારતનું અગ્રણી ડિજિટલ મંચ બાયોફ્યુલ સર્કલ બાયોમાસ એકત્રીકરણ માટે સક્ષમ ઈકોસિસ્ટમ નિર્માણ કરવા ગ્રામીણ ભારતમાં તેની હાજરી વધારી રહી છે. તેની નવીમતન પહેલના ભાગરૂપે કંપનીએ બાયો માસ એકત્રીકરણના પ્રયાસોને વધારવા માટે ગુજરાતના જામનગર, બોટાદ અને વડોદરામાં ૬ વેર હાઉસ સ્થાપિત કર્યા છે. આ વેર હાઉસ બાયોમાસ એકત્રીકરણ અને પ્રક્રિયાને પ્રવાહ રેખામાં લાવવા માટે શ્રેડર્સ જેવી એગ્રેગેશન મશીનરી સાથે સુસજ્જ છે. સ્થાનિક ખેડૂતો સાથે સહભાગ મજબૂત બનાવવા માટે બાયોફ્યુઅલ સર્કલ દ્વારા તાજેતરમાં બોટાદમાં એક કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં સ્થાનિક પ્રશાસકીય પ્રતિનિધિઓએ હાજર રહીને બોટાદની બાયોમાસ બેંકનું ઉદઘાટન કર્યું હતું. આસપાસનાં ગામના આશરે ૧૦૦ ખેડૂતો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા, જ્યાં કપાસની દાંડીઓના શ્રેડિંગની પ્રક્રિયા અને બાયોમાસ બેંક વેરહાઉસમાં તે કઈ રીતે પરિવહન કરી શકાય તે વિશે સમજણ આપવામાં આવી છે. આ પ્રવૃત્તિઓ ભરપૂર રુચિ જગાવી હતી, જેમાં ઘણા બધા ખેડૂતોએ કપાસની દાંડીઓના એકત્રીકરણમાં ભાગ લેવા વિશે જોશ દર્શાવ્યો હતો.

બાયોફ્યુઅલ સર્કલના સહ-સંસ્થાપક અને સીઈઓ સુહાસ બક્સીએ જણાવ્યું હતું કે, "ભારત તેના વિશાળ બાયોમાસ સંસાધનો (વાર્ષિક અંદાજે ૨૩૫ મિલિયન મેટ્રિક ટન)નો ઉપયોગ કરવાની ભરપૂર સંભાવના ધરાવે છે, જે સક્ષમ ઊર્જા રૂપાંતર પ્રેરિત કરશે. અમારી બાયોમાસ બેંકો થકી અમે કૃષિ શેષ માટે બજાર નિર્માણ કરવા સાથે ખેડૂતો અને ગ્રામીણ સમુદાયોને બાયો એનર્જી ઈકો સિસ્ટમમાં સક્રિય રીતે ભાગ લેવા માટે સશક્ત પણ બનાવી રહ્યા છીએ. દરેક બાયોમાસ બેંક ગામડાંઓના ઝુંડ માટે મુખ્ય કેન્દ્ર તરીકે કામ કરે છે, જેથી ૨૦૦૦થી વધુ ખેડૂતો તેમના કૃષિ કચરામાંથી આવક કમાણી કરી શકે છે. ઉપરાંત ટ્રેક્ટર માલિકો અને સ્થાનિક ઉદ્યોગ સાહસિકો માટે નવી તકો પણ ઊભી થાય છે. આ વર્ષે અમે ભારતમાં ૫૦ બાયોમાસ બેંકો ઊભી કરી રહ્યા છે, જેમાં બોટાદ, જામનગર, બરોડાના વિસ્તારોમાં ગુજરાતમાં ૬ બાયોમાસ બેંકનો સમાવેશ થાય છે. આ પ્રદેશમાં ૧૨,૦૦૦ ખેડૂતોને જોડીને અમે સ્વર્ણિમ ગ્રામીણ બાયોઈકોનોમી સ્થાપિત કરવાનું લક્ષ્ય રાખ્યું છે, જે સક્ષમ વ્યવહારો અને નફાશક્તિ એમ બંને અસ્તિત્વમાં રહી શકે એ સિદ્ધ કરે છે," એમ તેમણે ઉમેર્યું હતું. બાયોફ્યુઅલ સર્કલના ગુજરાત અને અન્ય પ્રદેશોમાં હાલમાં ચાલતા પ્રયાસો ભારતમાં મજબૂત અને કાર્યક્ષમ બાયોમાસ સપ્લાય ચેઈન નિર્માણ કરવાના તેના વ્યાપક લક્ષ્ય સાથે સુમેળ સાધે છે.

# સમસ્ત ખાંટ રાજપુત સમાજ ભવનાથ ટ્રસ્ટ દ્વારા શિવરાત્રી મેળા માટે આગોતરૂ આયોજન

જૂનાગઢ, તા.૩૦

સમસ્ત ખાંત રાજપુત સમાજ ભવનાથ ટ્રસ્ટની મીટીંગ ટ્રસ્ટના પ્રમુખ અને એડવોકેટ નાથાભાઈ મોરીના પ્રમુખ સ્થાને મળેલ, આ મીટીંગમાં જુદા જુદા ગામમાંથી વીસ ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. તા.૨૨/૨/૨૦૨૫ ના રોજ મહાશિવરાત્રી મેળાની શરૂઆત થશે. ભવનાથ મંદિરમાં શિવ મંદિરમાં ધ્વજારોહણ થયા બાદ મેળાની શરૂઆત થશે, આ દિવસે સવારમાં ખાંટ રાજપુત સમાજની જગ્યામાં સવારમાં શિવમંદિરમાં ધ્વજારોહણ થશે. મહાશિવરાત્રી મેળા દરમ્યાન તા.૨૨/૨/૨૦૨૫ થી તા.૨૬/૨/૨૦૨૫ સુધી જગ્યામાં ભોજન તથા ભજન ચાલુ કરવામાં આવશે. વર્ષોથી ખાંટ રાજપુત સમાજની જગ્યામાં ભોજન તથા ભજન ચાલુ રહે તે મુજબ આ વર્ષે પણ જ્ઞાતિના ભાઈ-બહેનો માટે ભોજન વ્યવસ્થા ચાલુ રહેશે. રાત્રીના દરરોજ સંતવાણી રહેશે, જેમાં જ્ઞાતિના તથા અન્ય જ્ઞાતિના કલાકારો સંતવાણીનું રસપાન કરાવશે. તા.૨૫/૨/૨૦૨૫ બુધવારના રોજ જ્ઞાતિના કલાકારો પુનમબેન રાઠોડ તથા ધીરૂભાઈ સરવૈયાને સંતવાણી માટે નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

મહાશિવરાત્રી મેળા દરમ્યાન જગ્યામાં જુદી જુદી સમિતિઓની રચના કરવામાં આવશે. આ વર્ષે ભોજન વ્યવસ્થા ડેડરવા ગામના યુવાનો તથા વડીલો સંભાળશે, જયારે સંતવાણી વ્યવસ્થા ટ્રસ્ટી હીરાભાઈ ગુજરાતી તથા ભીખુભાઈ ભેડા સંભાળશે. કાર્યાલય વ્યવસ્થા મંત્રી મોહનભાઈ ડાભી, ખજાનચી કનુભાઈ ભેડા, રાજેશભાઈ સરવૈયા, માધાભાઈ મોરી સંભાળશે. દરેક ટ્રસ્ટીઓ મેળા દરમ્યાન હાજર રહી વ્યવસ્થામાં મદદરૂપ થશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

### ઘણી ટ્રેનોને ડાયવર્ટ કરવામાં આવી

# મહાકુંભમાં નાસભાગ થતા પ્રયાગરાજ આવતી તમામ સ્પેશિયલ ટ્રેનો રદ

## બીજી તરફ, પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી ભાગદોડ બાદ વહીવટીતંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે

પ્રયાગરાજ, તા.૩૦

પ્રયાગરાજમાં મૌની અમાવસ્યાના દિવસે ભારે ભીડને ધ્યાનમાં રાખીને, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શનથી પ્રયાગરાજ જતી મહાકુંભ મેળાની સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન બંધ કરી દેવામાં આવ્યું છે. આ કારણે, જંકશન પર પ્રયાગરાજ જતા ભક્તોની ભીડ જોવા મળે છે.વિવિધ રૂટ પર દોડતી મહાકુંભ મેળાની ખાસ ટ્રેનોનું સંચાલન રાબેતા મુજબ ચાલુ છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શનથી પ્રયાગરાજ આવતી મહાકુંભ મેળાની ખાસ ટ્રેનોને જ રોકવામાં આવી છે. પરંતુ નિયમિત ટ્રેનો દોડી રહી છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશનથી પ્રયાગરાજ જતી મહાકુંભ મેળાની ખાસ ટ્રેનોને જ રોકવામાં આવી છે.પંડિત દીનદયાળ ઉપાધ્યાય રેલવે ડિવિઝનના વાણિજ્યિક મેનેજર મનીષ કુમારે જણાવ્યું હતું કે, આગામી આદેશો સુધી સ્પેશિયલ ટ્રેનનું સંચાલન બંધ કરવામાં આવ્યું છે. કુંભ મેળાની ખાસ ટ્રેનો હાલ પૂરતી બંધ રહેશે. નિયમિત ટ્રેનો દોડતી રહેશે. પ્રયાગરાજમાં ભારે ભીડને કારણે, ખાસ ટ્રેનને રોકવામાં આવી છે.બીજી તરફ, પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી ભાગદોડ બાદ વહીવટીતંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. પ્રયાગરાજ જંક્શન પર રેપિડ એક્શન ફોર્સ અને પોલીસ દળની તૈનાતી વધારવામાં આવી છે. શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કડક વ્યવસ્થા કરવામાં આવી છે. મૌની અમાવસ્યા સ્નાન માટે આવતા શ્રદ્ધાળુઓને સુરક્ષિત રીતે સંગમ પહોંચાડવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

### મહાકુંભમાં નાસભાગ અંગે પ્રત્યક્ષદર્શીનો ખુલાસો

# અચાનક બેરિકેડ તૂટ્યું અને બચવાની કોઈ જગ્યા ન મળી

## ઘટનાની જાણકારી મળતાં જ પોલીસ અને વહીવટી તંત્રએ ત્વરીત કાર્યવાહી કરતાં રાહત-બચાવ કામગીરી શરૂ કરી હતી

પ્રયાગરાજ, તા.૩૦

મૌની અમાસના શાહી સ્નાન વખતે પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં ભયંકર નાસભાગ મચી જેમાં અત્યાર સુધીમાં ૧૦થી વધુના મોતની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે આ નાસભાગની ઘટના બનવા પાછળનું કારણ બેરિકેડ તૂટી જવાનું જણાવાઈ રહ્યું છે જેના લીધે ઘટનાસ્થળે અફરા તફરી મચી ગઈ હતી. ઘટનાની જાણકારી મળતાં જ પોલીસ અને વહીવટી તંત્રએ ત્વરીત કાર્યવાહી કરતાં રાહત-બચાવ કામગીરી શરૂ કરી હતી. પોલીસે પછી તૂટી ગયેલા બેરિકેડનું સમારકામ કરાવી મહાકુંભમાં ભીડને નિયંત્રિત કરવાનો પ્રયાસ કર્યો હતો. માહિતી અનુસાર એક પ્રત્યક્ષદર્શીએ કહ્યું કે રાતે ૨ વાગ્યે શ્રદ્ધાળુઓની ભારે ભીડ સંગમ કિનારે ઉમટી હતી. આ દરમિયાન જ બેરિકેડનો એક હિસ્સો તૂટ્યો અને નાસભાગ મચી ગઈ. જોત જોતામાં સ્થિતિ બેકાબૂ થઈ અને લોકો બેફામ આમ-તેમ ભાગવા લાગ્યા. જેના લીધે અનેક લોકોની વસ્તુઓ નીચે પડી ગઈ અને જે લોકો વસ્તુઓ ઉપાડવા નમ્યા તે ભીડ નીચે કચડાઈ ગયા. તેણે કહ્યું કે ઘણાં લોકોએ બચવા પ્રયાસ કર્યો પણ કોઈ બચવાની જગ્યા ન મળી. બધા વિખેરાઈ ગયા. અનેક ઘાયલ પણ થયા છે. સ્થિતિ જ એવી હતી કે કોઈને ખબર ના પડી શકે ખરેખર શું થઈ રહ્યું છે. મૌની અમાસ પર સંગમ કિનારે સ્નાન માટે ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. પોલીસ અને વહીવટી તંત્ર માટે આ ભીડને કાબૂમાં કરવી એ મોટો પડકાર બની ગયો હતો એટલા માટે જ બેરિકેડિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી પણ વધારે પડતી ભીડને કારણે સ્થિતિ બેકાબૂ થઈ ગઈ.

### મહાકુંભના શ્રદ્ધાળુઓને સીએમ યોગીની અપીલ

# અફવાઓ ઉપર ધ્યાન ન આપતાં, જે ઘાટ ઉપર હોવ ત્યાં સ્નાન કરો

## પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ વચ્ચે ગત રાત્રિએ નાસભાગની ભયંકર ઘટના બની હતી

પ્રયાગરાજ, તા.૩૦

પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ વચ્ચે ગત રાત્રિએ નાસભાગની ભયંકર ઘટના બની હતી જેમાં ૧૦થી વધુ લોકોના મોતની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે ત્યારે આ મામલે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મહાકુંભમાં આવેલા શ્રદ્ધાળુઓને મહત્ત્વપૂર્ણ અપીલ કરી હતી. સીએમ યોગીએ એક ટ્વિટ કરતાં કહ્યું કે શ્રદ્ધાળુઓને મારો અનુરોધ છે કે તેઓ કોઈપણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપે અને તંત્ર દ્વારા અપાયેલા નિર્દેશોનું પાલન કરે. મા ગંગાના દરેક ઘાટને સ્નાન માટે વ્યવસ્થિત કરવામાં આવ્યા છે એટલા માટે શ્રદ્ધાળુઓ જે ઘાટની નજીક છે ત્યાં જ સ્નાન કરે અને સંગમ જવાનો પ્રયાસ ન કરે. સીએમ યોગીએ કહ્યું કે સરકાર અને વહીવટીતંત્ર તરફથી તમામ જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી છે જેથી સ્નાનનું આ પાવન અવસર સુગમ અને સુરક્ષિત રીતે પૂર્ણ થઈ શકે. ઉલ્લેખનીય છે કે મૌની અમાસના અવસરે બીજા અમૃત સ્નાન વખતે સંગમ પર ભીડ ઉમટતાં મંગળ-બુધની રાત્રિએ નાસભાગ મચી ગઈ હતી અને જેમાં અનેક લોકો કચડાઈ ગયા હતા. મોટી સંખ્યામાં લોકો ઘવાયા હતા.




### અખબારી જગતના ભિષ્મ અને પરિવારના મોભી તેમજ

# સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના સ્થાપક કાર્તિકભાઈ ઉપાધ્યાયની આજે બીજી પુણ્યતિથિ : ભાવભેર શ્રધ્ધાંજલી


## જુનાગઢના લોકપ્રિય અખબાર સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના સ્થાપક તંત્રી, પથદર્શક અને પરિવારના મોભી કાર્તિકભાઈ ઉપાધ્યાયની આજે બીજી પુણ્યતિથિ નિમિતે સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર દ્વારા ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ અર્પણ



૧


૨


૩


૪


૫


૬

આજથી ચાર દાયકા કરતા વધુ સમયથી સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની સફર શરૂ થઈ હતી. આજે આ દૈનિક વટવૃક્ષ બનીને ઉભું છે પરંતુ તેના મૂળમાં આ અખબારના સ્થાપક અને જૂનાગઢના અખબારી જગતના ભિષ્મ પિતામહ ગણાતા સ્વ.કાર્તિકભાઈ ઉપાધ્યાયનું સમગ્ર જીવન સમર્પિત થઈ ગયું હતું. સ્વ.કાર્તિકભાઈ ઉપાધ્યાય પોતાની આગવી કોઠાસુઝ, હિંમત, કપરા સંજોગોમાં કામ કરવાની અથાગ શક્તિ સામાપ્રવાહે તરવાની હામ અને સૌથી વિશેષ તો સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક અખબારને સૌરાષ્ટ્ર, ગુજરાતનું લોકભોગ્ય અને લોકપ્રિય અખબાર બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી.

સાડા ચાર દાયકા પહેલાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક રાજકોટ ખાતેથી સાપ્તાહિક સ્વરૂપે પ્રસિધ્ધ થતું હતું અને ત્યારબાદ સ્વ.ગજેન્દ્રભાઈ ઉપાધ્યાયના નેતૃત્વ હેઠળ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક જૂનાગઢ ખાતેથી પ્રસિધ્ધ કરવાની શરૂઆત થઈ હતી. આ સમયગાળા દરમ્યાન યુવાન વયના કાર્તિકભાઈ ઉપાધ્યાય પોતાના કાકા ગજેન્દ્રભાઈ ઉપાધ્યાયના આશીર્વાદ સાથે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રમાં કાર્યભાર સંભાળ્યો અનેક સ્વપન્ના અને કંઈક કરી છુટવાના મકકમ નિર્ધાર સાથે અખબારી જગતના પત્રકારત્વના કાંટાળા પથ ઉપર પગલા માંડયા. કાર્તિકભાઈ ઉપાધ્યાયે ખુબ જ ટૂંકાગાળામાં પત્રકારત્વના કાંટાળા માર્ગ ઉપર ચાલવાની કાબેલિયત પ્રાપ્ત કરી લીધી અને એક સાચો પત્રકાર નિડર પત્રકાર લોકસેવાના પ્રહરી તરીકે કામ કરે છે તેનું દાયિત્વ નિભાવવાનું શરૂ કરી દીધું અને સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રને આગળ ધપાવવાના મકકમ નિર્ધાર સાથે વિવિધ વિભાગોમાં સુપેરે કામગીરી દાખવી. આ દરમ્યાન કાકા ગજેન્દ્રભાઈ ઉપાધ્યાયનો સ્વર્ગવાસ થતા સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રનો સંપૂર્ણ ભાર કાર્તિકભાઈ ઉપાધ્યાયના શિરે આવી પડયો બનેવી મુકેશભાઈ વ્યાસના સહકાર સાથે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રની ઉંચા આકાશને આંબવાની યાત્રાનો પ્રારંભ થયો. આ સમયકાળ પણ થોડો સમય ચાલ્યો ત્યાં બનેવી મુકેશભાઈ વ્યાસનો પણ સ્વર્ગવાસ થતા સૌરાષ્ટ્ર ભૂમિ દેનિક પત્ર અને કાર્યાલયનો સંપુર્ણભાર એકલવિર એવા કાર્તિકભાઈ ઉપાધ્યાયના ખંભા ઉપર આવી ગયો. રાત દિવસ જોયા વગર સખત મહેનત અને લોહી પાણી એક કરી અને સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકને પ્રજા જીવનનો ધબકાર બનાવવાના કાર્યને આગળ ધપાવ્યું એટલું જ નહી ખુબ ટુંકા સમયમાં જૂનાગઢથી પ્રસિધ્ધ થતું સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક લોક હદયમાં પ્રચંડ આવકારનું સ્થાન બન્યું અખબાર એટલે પ્રજા જીવનનો ધબકાર છે તેમજ સમાજનો આયનો કહેવામાં આવે છે ત્યારે નિડર નિષ્પક્ષ અને સત્યના ચાહક કાર્તિકભાઈ ઉપાધ્યાયે કોઈ જાતની ચમરબંધીની શેહ શરમ રાખ્યા વિના અને સતાધીશોની આળપંપાળ કર્યા વિના સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રને વટભેર પ્રસારીત કરવાનો એક વિક્રમ સ્થાપ્યો છે. પડકારોના વાવાઝોડા તેમજ અનેક કટોકટીભરી પરિસ્થિતિમાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક નિયત સમય પ્રમાણે પ્રસિધ્ધ કરવાનો વણથંભ્યો ચિલો ચાતર્યો છે. અને સમયની સાથે તાલ મિલાવવા અને વર્ષો પહેલાં અદ્યતન ઓફસેટ મશીનરી લાવી અને વધુને વધુ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકને આગળ ધપાવ્યું છે એટલું જ નહી કાર્તિકભાઈ ઉપાધ્યાય કોઈપણ સમાચાર હોય તેનું જાતે નિરીક્ષણ કરી અને યોગ્ય લાગે તે જ સમાચાર પછી તે ચમરબંધીના હોય કે ગમે તેની સરકાર વિરૂધ્ધના હોય તે અચુક પ્રસિધ્ધ કરે. તેમજ અખબાર નિયત સમયે પ્રસિધ્ધ થાય તેમજ સમાચારોમાં કોઈપણ પ્રકારની ભુલ ન રહે તે માટે પ્રુફ રીડીંગ પણ જાતે કરે અને ત્યારબાદ તેમના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક રોજે રોજ પ્રસિધ્ધ થાય આ અખબારમાં પ્રજાકીય પ્રશ્નોની રજુઆત, નાનામાં નાના માણસને ન્યાય મળે તેની કાળજી રાખવામાં આવે તેમજ જરૂર પડયે સતાધીશોના પણ કાન આંમળવામાં પણ પાછીપાની નહી કરનાર કાર્તિકભાઈ ઉપાધ્યાય એક પત્રકાર ક્ષેત્રે એક નવો જ રાહ અપનાવ્યો હતો. અને જૂનાગઢને મહાનગરપાલિકાની ભેટ મળે તે માટે બ્રોડગેજ યોજના કાર્યરત થાય તેમજ જૂનાગઢની જીવાદોરી સમી રોપ-વે યોજના સાકાર બને તે માટેનાં ભરપુર પ્રયાસો કર્યા. આ સાથે જ જૂનાગઢ શહેર અને જીલ્લાનો સર્વાંગી વિકાસ થાય હેરીટેજ સીટી તરીકે જૂનાગઢને આગવી ઓળખ પ્રસ્થાપિત થાય તેમજ ભવનાથ ક્ષેત્રમાં યોજાતો શિવરાત્રીનો મેળો, પરીક્રમાનાં મેળાને લોકભોગ્ય બનાવવાનાં પ્રયાસો, ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાને રાષ્ટ્રીય કક્ષાનો દરજજો મળે તે માટેનાં ભગીરથ પ્રયાસો સાથે અનેક લોકહિતાર્થનાં કાર્યો માટે વર્ષો સુધી અખબારનાં માધ્યમથી ઉચ્ચ કક્ષાએ રજુઆતો કરી અને એટલું જ નહીં તેને મૂર્તિમંત કરવાનાં પ્રયાસો કર્યા હતાં. આ સાથે જ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રની વણથંભી વિકાસયાત્રાનો સફળ રીતે પ્રારંભ થયો લોક લાગણીને માન આપીને જૂનાગઢ ઉપરાંત ગાંધીનગર અને અમદાવાદથી પણ વટભેર સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પ્રસિધ્ધ કરવાના સહિયારા પુરૂષાર્થને ઠેરઠેરથી પ્રચંડ આવકાર મળ્યો છે. ગુજરાત સરકાર તેમજ કેન્દ્ર સરકારની વિકાસયાત્રા હોય, આમ જનતાને સ્પર્શતી સહાયકારી યોજના હોય તે તમામ બાબતોને સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્ર દ્વારા પ્રસિધ્ધ કરી અને લોકોના ઘરે ઘરે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકને વાંચન સરખુ બનાવી દીધું છે. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની વિકાસ યાત્રાને ટોચ ઉપર પહોંચાડી અને આજે જૂનાગઢના આંગણે અન્ય મેગા સીટીની જેમ અદ્યતન સાધન સામગ્રીથી સજજ એવું સૌરાષ્ટ્ર ભૂમિ સંકુલ આકાર પામ્યું છે. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રમાં કેળવાયેલો સ્ટાફ અને છેલ્લા ૩૦ વર્ષથી વધુ વર્ષ જુના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓ આજે પણ વર્ષો થયા નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ અદા કરી રહ્યા છે એક જ જગ્યાએ વર્ષો સુધી વિવિધ વિભાગમાં કર્મચારી કામ કરતા હોય તેવો ઈતિહાસ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્ર પરિવારના મોભી કાર્તિકભાઈ ઉપાધ્યાયે સ્થાપ્યો છે.

**તસ્વીરોમાં સચવાયેલા સંભારણા**

(૧) સૌરાષ્ટ્રભૂમિ દૈનિક કાર્યાલયની મુલાકાતે આવેલા તત્કાલિન કૃષી મંત્રી મહંત વિજયદાસજી.
(૨) સૌરાષ્ટ્રભૂમિ દૈનિક સંકુલમાં ઓફસેટ મશીનના આગમન વખતની તસ્વીર.
(૩) દેવાણંદભાઈ સોલંકી સહિતના મહાનુભાવો દ્વારા સૌરાષ્ટ્રભૂમિની શુભેચ્છા મુલાકાત.
(૪) ઉર્મિલાબેન પટેલ દ્વારા સૌરાષ્ટ્રભૂમિ કાર્યાલયની શુભેચ્છા મુલાકાત.
(૫) તત્કાલિન કૃષી મંત્રી મહંત વિજયદાસજી અને મહાનુભાવો દ્વારા સૌરાષ્ટ્રભૂમિ કાર્યલયની મુલાકાત.
(૬) સ્વ.રાજીવગાંધીની જૂનાગઢ મુલાકાત વખતે કાર્તિકભાઈ ઉપાધ્યાય સાથે હસ્તધૂનન.
(૭) ત્રણ જીગરજાન મિત્રો : કાર્તિકભાઈ, કાળુભાઈ અને હરીશભાઈ દેસાઈ.
(૮) તત્કાલિન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, કાર્તિકભાઈ ઉપાધ્યાય તથા સૌરાષ્ટ્રભૂમિના વર્તમાન તંત્રી અભીજીત ઉપાદયાય (બાળવય)ની તસ્વીરી ઝલક.
(૯) શ્રેષ્ઠ દંપતિ - રશ્મીબેન ઉપાધ્યાય તથા કાર્તિકભાઈ ઉપાધ્યાય.
(૧૦) અમેરીકાના પ્રવાસ વખતે કાર્તિકભાઈ ઉપાધ્યાય અને તેમના વેવાઈ દિલીપભાઈ ત્રિવેદી દ્વારા વિશ્વપ્રસિધ્ધ સીએનએન કાર્યાલયની મુલાકાત.


૭


૮


૯



૧૦

સૌરાષ્ટ્ર ભૂમિના કર્મચારીઓને કાર્તિકભાઈ ઉપાધ્યાય તથા તેમના પરિવારજનોએ સંકટના સમયે હુંફ અને પ્રેમ પણ આપ્યા છે. આજે પણ વર્ષો જુનો સ્ટાફ આ અખબારની કચેરીમાં કામગીરી કરી રહેલ છે એટલું જ નહી સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્ર સાથે જોડાયેલા વિવિધ ગામો અને શહેરોના પ્રતિનિધિઓ, રિર્પોટર, એજન્ટ મિત્રો, વિક્રેતાઓ વગેરેનો પણ સંપૂર્ણ સહકાર આ અખબારને મળ્યો છે. આ ઉપરાંત પત્રકારત્વના પાઠ ભણાવતું કાર્યાલય બની ગયેલ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્ર પત્રકારત્વની કેડી ઉપર ચાલનારા અનેક કલમના કસબીઓ માટે માર્ગદર્શક બન્યું છે અને સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રકારત્વની પ્રયોગશાળા મનાય છે અહી તૈયાર થયેલા પત્રકારો આજે જુદા જુદા અખબાર ટીવી ચેનલોમાં અને માહિતી ખાતાની કચેરીઓમાં ઉચ્ચ પદ શોભાવી રહ્યા છે અને આજે પણ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલયમાં પત્રકારત્વ માટેની તેમને તક મળી હતી તેને આર્શીવાદ માની રહ્યા છે. જીવનના આખરી શ્વાસ સુધી સૌને મદદરૂપ થનારા કાર્તિકભાઈ ઉપાધ્યાયે ગત તા.૩૦-૧-૨૦૨૩ના દિવસે અણધારી વિદાય લેતા પરિવાર ઉપર વ્રજઘાત થયો. કાર્તિકભાઈ ઉપાધ્યાયનો જન્મ દિવસ અને મૃત્યુ દિવસની તારીખ એક થઈ એટલે કે જે દિવસે જન્મ દિવસ હતો એ જ દિવસ કાર્તિકભાઈ ઉપાધ્યાયના જીવનનો અંતિમ દિવસ બની ગયો. આવું ભાગ્યે જ કરોડો બનાવમાં કયારેક જ થતું હોય છે. આજે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના સ્થાપક કાર્તિકભાઈ ઉપાધ્યાયની હયાતી નથી પરંતુ તેઓના અંતરના આર્શીવાદ સૌરાષ્ટ્ર ભૂમિ પરિવારને તેની સાથે જોડાયેલા કર્મચારીઓ ઉપર સદા વરસતા રહે છે. કાર્તિકભાઈ ઉપાધ્યાયની હયાતી બાદ તંત્રીનો કાર્યભાર તેમના નવયુવાન પુત્ર અભિજીત ઉપાધ્યાયના શિરે આવી પડયો છે. તંત્રી અભિજીત ઉપાધ્યાયે પણ પિતા કાર્તિકભાઈએ જે સ્વપન સેવ્યું હતું તે ફોર કલર મશીનરીનું તે સ્વપ્નને સાકાર કર્યું છે અને કાર્તિકભાઈ ઉપાધ્યાયના કુશળ સંચાલન અને તેઓએ જે પથ દર્શાવ્યો છે તે ઉપર ચાલીને સફળ રીતે અભિજીત ઉપાધ્યાય દ્વારા સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનું સંપૂર્ણ સંચાલન કરીને આજે પરંપરાગત રીતે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક વટભેર પ્રસિધ્ધ કરવામાં આવી રહ્યું છે.

આજે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના સ્થાપક કાર્તિકભાઈ ઉપાધ્યાય આપણી વચ્ચે હયાત નથી પણ તેમના સંસ્મરણો અને તેમની યાદો આજે પણ જળવાઈ રહી છે તેઓના અંતરના આર્શીવાદ સાથે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકે વિકાસની યાત્રા સતત આગળ ધપાવવાનો ક્રમ વણથંભી રીતે ચાલી રહ્યો છે. ત્યારે આજના આ દિવસે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના મોભી કાર્તિકભાઈ ઉપાધ્યાયને સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર દ્વારા હદયપૂર્વકની ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી રહી છે.









# દ્વિતિય પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી



## સ્વ.કાર્તિકભાઈ રતિલાલ ઉપાધ્યાય

તા.૩૦-૧-૨૦૨૩ મહાસુદ નોમ સોમવાર

મન અમારૂ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી
જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત આ સનાતન સત્ય હોવા છતાં કેટલાક
મૃત્યુ એવા હોય છે જેના ઘાવ કદી રૂઝાતા નથી,
તમારી સાથે વિતેલા વર્ષોનાં સ્મરણો અને સંભારણા અમારા હૃદયમાં
અખંડ જળવાઈ રહેશે પ્રભુ તમારા
દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

લી.

**ગં.સ્વ.રશ્મિબેન કાર્તિકભાઈ ઉપાધ્યાય**

ભાવિનિબેન મિલનભાઈ ગાંધી | શૈલાબેન ચિરાગભાઈ જાની | અભિજીત કાર્તિકભાઈ ઉપાધ્યાય
યેશાબેન સિધ્ધાર્થભાઈ ત્રિવેદી | રિધ્ધીબેન કુશલભાઈ પારેખ | ડો.નિષ્ઠાબેન અભિજીત ઉપાધ્યાય

કાવ્યા મીલીન ગાંધી, નંદીની સિધ્ધાર્થ ત્રિવેદી, વેદાંશ સિધ્ધાર્થ ત્રિવેદી,
નિવાન ચિરાગ જાની, આદિત્ય કુશલ પારેખ

ચિ. આરના અભિજીત ઉપાધ્યાય,
ચિ. ધનશ્રી અભિજીત ઉપાધ્યાય તેમજ

**સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર**